**સુવિચાર**

જીવનમાં નિર્માણ થતી દરેક સારી, ખરાબ વસ્તુનો પાયો ઘરમાંથી જ ઘડાય છે.

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૮/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ શ્રાવણ સુદ-૧૦ વર્ષ : ૧૫ અંક : ૨૧૬


## આરોગ્ય વિભાગ અને સ્પેશ્યલ ઓપરેશન ગૃપનો દરોડો

# અમરેલીનાં વડેરા ગામેથી બે ઉઘાડપગા તબીબો ઝડપાયા

**જિલ્લામાં ઉઘાડપગા તબીબો ખુલ્લેઆમ જનઆરોગ્ય સાથે ચેડા કરતાં હોય આરોગ્ય વિભાગ સક્રીય બન્યો**

**મયુર સાવલીયા અને કિર્તી જોષી વગર ડીગ્રીએ આરોગ્ય સાથે ચેડા કરતાં હોય બંનેને ઝડપી લેવાયા**

**ઉઘાડપગા તબીબો સસ્તી સારવારનાં નામે ગરીબ દર્દીઓનો વિશ્વાસ સંપાદન કરીને આરોગ્ય સાથે ખિલવાડ કરતાં હોય છે**

**ગ્રામ્ય વિસ્તારની જનતાને ઉઘાડપગા તબીબોને ખુલ્લા પાડવા આગળ આવવા અનુરોધ થયો**






અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લામાં બોગસ તબીબોનો રાફડો ફાટયો છે તેવા સમયે અમરેલી તાલુકાના વડેરા ગામે ડિગ્રી વગર કિલનિક ધરાવતા બોગસ તબીબ સામે આરોગ્ય અને પોલીસ વિભાગે લાલ આંખ કરી છે. એમા ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં આ પ્રકારના બોગસ તબીબોની સંખ્યા વધુ જોવા મળી રહી છે. ત્યારે અમરેલી એસઓજી અને આરોગ્ય વિભાગના ઈન્ચાર્જ, તાલુકા હેલ્થ ઓફીસર અમરેલી ડો. આર.આર. મકવાણા તથા પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયાના મેડીકલ ઓફીસર ડો. જે.કે. ડોબરીયા, પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર મોટા આંકડીયાના ફાર્માશિષ્ટ જે.પી. જોષી


**અનુસંધાન પાના ૬ ઉપર**


### અમરેલી નજીક આવેલ

# સણોસરા ગામે આધેડે અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મોત

**સુરતથી આવી અને પગલું ભરી લીધાનું જાહેર થયું**

અમરેલી, તા. ૨૫

મુળ અમરેલી તાલુકાનાં સણોસરા ગામનાં વતની અને હાલ સુરત ગામે રહેતા જગદીશભાઈ કાળુભાઈ અઘેરા નામનાં ૪૪ વર્ષિય આધેડ ગત તા. ૨૩નાં રોજ સુરતથી સણોસરા ગામે આવેલ અને મકાને તેમનાં કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા જગદીશભાઈનું મોત નિપજયું હતું.

### નાના એવા ગામમાં અરેરાટી ઉભી કરતી ઘટના

# અમરેલીનાં મોટા આંકડીયા ગામનાં કૂવામાં કિશોરભાઈ હિરપરાનું પડી જતાં નિધન

**ફાયર વિભાગે બચાવવાનો પ્રયાસ કર્યો પણ મૃતદેહ હાથ આવ્યો**

અમરેલી, તા. ૨૫

અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામના સરપંચ દ્વારા અમરેલી જિલ્લાના ફાયર કંટ્રોલરૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામા આવેલ કે મોટા આંકડિયા ગામે વાડીના ૬૦ ફુટ ઉંડા કુવામાં કિશોરભાઈ વિઠ્ઠલભાઈ હિરપરા પડી જવાની ઘટના બનેલ છે. તેના અનુસંધાને ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની રાહબરી નીચે અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે મોટા આંકડિયા ગામે પહોંચી હતી અને માત્ર ૨૦ મિનિટ શોધખોળ કરી તેમનાં


**અનુસંધાન પાના ૬ ઉપર**




### ભેંસવડી ગામનાં અગ્રણી દકુભાઈ બુટ્ટાણીએ ભુસ્તરશાસ્ત્રીને પત્ર પાઠવ્યો

# લ્યો બોલો : લીલીયા મોટા પંથકમાં થોડા દિવસોનાં વિરામ બાદ પુન : ગેરકાયદેસર રીતે રેતી ચોરીનું કારસ્તાન શરૂ

**પોલીસ તંત્ર દ્વારા લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરાની મદદ લેવા માંગ કરી**

અમરેલી, તા. ૨૫


લીલીયા મોટાનાં ભેંસવડીનાં અગ્રણી દકુભાઈ બુટ્ટાણીએ ભુસ્તરશાસ્ત્રીને પત્ર પાઠવેલ છે

પત્રમાં જણાવેલ છે કે, લીલીયા તાલુકામાં પસાર થતી શેંત્રુજી નદીમાં હાલ ઈકો જોન હોવાનાં કારણે નદીમાંથી રેતી ઉપાડવાની પ્રતિબંધ છે તેમ છતાં ભેંસવડીથી બવાડા ગામ સુધી શેંત્રુજી નદીમાં રેતી ચોરી થાય છે અને અમે તા.૨૩/૬/૨૦૨૩નાં રોજ અરજી કરેલ ત્યારે થોડાક દિવસ રેતી ચોરી બંધ થયેલ પરંતુ હાલમાં પાછી રેતી ચોરી નદીમાં થવા લાગી છે. જેમાં ભેંસવડી ગામે આખી રાત્રે રેતી ચોરી થાય છે જેમાં તંત્રનાં આશીર્વાદથી ચાલે છે અને નદીમાં સિંહનો વસવાટ ખુબ મોટો છે. તેને નડતર રૂપ થાય તેમ છતાં પણ કરોડો રૂપિયાની ખનીજ ચોરી કરે છે. અને રાત્રીનાં ૧૨ વાગ્યાથી સવાર પાંચ વાગ્યા સુધી ખુબ રેતી ચોરી થાય છે. તે પણ સરકારનાં રોયલ્ટી પાસ વગર અને આ કરોડો રૂપિયાની ચોરી થાય છે. અને હાલ લીલીયા તાલુકાનાં બધા રોડ પર આ વાહનો ચલાવે છે. અને આ વાહનોમાં નંબર વગરનાં ટ્રકો અને ટ્રેકટરો હોય છે. અને ડ્રાઈવરો પણ સગીર વયનાં હોય છે જે બેફામ વાહનો રોડે ચલાવે છે અને આ વાહનો કોઈ આર.ટી.ઓ. નિયમોનાં પાલન કરતા નથી. અને હાલ આ રેતી ચોરીમાં તંત્રના અધિકારીઓનાં પોતાનાં વાહનો ચાલતા હોય, જેથી તંત્ર આ અંગે કોઈ ઘટિત કાર્યવાહી કરતું નથી.

વધુમા લોકોને જયારે રેતીની જરૂરિયાત હોય છે ત્યારે તંત્ર તેમને અટકાયત કરીને હેરાન કરવામાં


**અનુસંધાન પાના ૬ ઉપર**


### ઘેલા સોમનાથને કાળ ભૈરવનો શણગાર



ઘેલા સોમનાથ મહાદેવ દાદાનાં મંદીર પર આજે ભોલેનાથને કાળભૈરવ દાદાનો શણગાર કરવામાં આવ્યો શ્રાવણ માસ દરમિયાન રોજે રોજ અવનવો શણગાર કરવામાં આવે છે ત્યારે આજે કાળભૈરવ દાદાનો શણગાર કરવામાં આવ્યો હતો.










### મહુવાનાં ખારી ગામનાં વતનીએ ફિલ્મી દુનિયામાં નામ રોશન કર્યુ

# સાવરકુંડલા ખાતે ફિલ્મી ગાયક જયદેવ ગોસાઈનું ઉષ્માભર્યુ સ્વાગત

**વિદ્યાગુરૂ ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીઓએ કર્યુ સન્માન**

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૫

મૂળ મહુવા તાલુકાના ખારી ગામનાં વતની અને વર્ષોથી મુંબઈ સ્થિત જયદેવ ગોસાઈ જે અસંખ્ય હિન્દી ફિલ્મોમાં પોતાનું પર્ફોર્મન્સ બતાવી ચૂકયા છે અને અનેક હિન્દી ટીવી સિરીયલોમાં ટાઈટલ સોંગ સહિત અનેક ગીતો પણ ગાયા છે. આજે તેઓ સાવરકુંડલાના મહેમાન થયા હતા અને તેમનું ભવ્ય સન્માન સાવરકુંડલા વિદ્યાગુરૂ ફાઉન્ડેશનનાં ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે પોતાનું પ્રાથમિક શિક્ષણ મહુવા સ્થિત મોરારીબાપુના આશીર્વાદથી ચાલતા કૈલાસ ગુરૂકુળમાં પ્રાપ્ત કરેલ છે. માસ્ટર ઓફ પરફોર્મિંગ આર્ટસ સુધીનો તેમણે અભ્યાસ કરેલો છે હિન્દી ફિલ્મો જેવી કે સાહેબ બીવી ગેંગસ્ટર, બુલેટ રાજા, દાલ મેં કુછ કાલા, કયા સુપરકુલ હૈ હમ વગેરેમાં પરફોર્મન્સ આપેલું છે. આ ઉપરાંત હિન્દી સિરીયલોમાં પણ તેમણે પોતાનો અવાજ આપ્યો છે, જેવી કે સાથિયા, નવ્યા, શકિત, તુજ સંગ પ્રીત લગાઈ, દિયા ઓર બાતી, બડે અચ્છે લગતે હૈ, દેવો કે દેવ મહાદેવ વગેરેમાં તેમણે પોતાનો અવાજ આપ્યો છે. આ ઉપરાંત ૨૯ જેટલા આલ્બમમાં ગીતો ગયા છે. તેમનું ખૂબ જ ચર્ચિત આલ્બમ ભારત દર્શન જેનું વિમોચન સુપરસ્ટાર અમિતાભ બચ્ચનનાં હસ્તે કરવામાં આવ્યું હતું. ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પંજાબી, મરાઠી, કન્નડ, બંગાળી, રાજસ્થાની અને ઓડીસી ભાષામાં પણ ગીતો ગયા છે. યુકે, ઓસ્ટ્રેલિયા, ઓમાન, દુબઈ, સ્કોટલેન્ડ, નોર્થ વેલ્થ



જેવા દેશોમાં પણ કાર્યક્રમમાં આપ્યા છે. ૨૦૧૮માં સલમાન ખાન પ્રોડકશનની રીલીઝ થયેલી ફિલ્મ લવરાત્રીના પ્રમોશન માટે સલમાન ખાન દ્વારા આયોજિત નવરાત્રીમાં મુખ્ય ગાયક તરીકે સલમાન ખાન દ્વારા આમંત્રણ આપવામાં આવેલ. ૨૦૦૬માં ઈન્ટરનેશનલ યુથ ફેસ્ટિવલમાં ભારત તરફથી પ્રતિનિધિત્વ કરીને પ્રથમ ક્રમાંક સાથે ગોલ્ડ મેડલ મેળવવા બદલ અભિનેતા સુનીલ દત્ત અને એ સમયના રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના હસ્તે સન્માન કરવામાં આવેલ. ૨૦૧૫ માં ગુજરાતનાં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા પણ સન્માન કરવામાં આવેલ. ૨૦૧૮–૧૯માં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા પણ સન્માન કરવામાં આવેલ. ૨૦૧૦, ૨૦૧૨ અને ૨૦૧૪માં ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પણ સન્માનિત થયેલ હતા. ૨૦૨૨ નો ગુજરાત ગૌરવ પુરસ્કાર પણ તેમને એનાયત કરવામાં આવેલ.

પૂજય મોરારીબાપુ દ્વારા રાવજીભાઈ પટેલ સંગીત યુવા પ્રતિભા એવોર્ડ એનાયત કરવામાં આવેલ. આવી બહુમુખી પ્રતિભાનું સાવરકુંડલાની વિવિધ જાહેર સંસ્થાઓ દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

### ખાંભા નજીક આવેલ

# રાયડી ગામની સીમમાં અર્થીંગ વાયરની ચોરી

**અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરિયાદ**

અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાનાં રાયડી ગામની સીમમાં સર્વે નં. ૭૮(૨) પૈકી (૧)ની જમીન ઉપર આવેલ પવનચકકીનાં અર્થીંગ કોપરનો વાયર ૮૦ મીટર જેની કિંમત રૂા. ૧૮ હજાર તથા સર્વે નં. ૩૩માં આવેલ પવનચકકીનાં અર્થીંગ વાયર ૯૦ મીટર કિંમત રૂા. ૨૦ હજાર મળી કુલ રૂા. ૩૮ હજારનાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

# બાબરા : રહેણાંક મકાનનાં તાળા તોડી રૂા. ૧૪ હજારનાં મુદ્દામાલની ચોરી

અમરેલી, તા. ૨૫

બાબરા શહેરમાં આવેલ પરવાડીયા શેરીમાં રહેતા સંદિપભાઈ ઘોઘાભાઈ સીતાપરા નામનાં ૨૯ વર્ષિય યુવકનાં રહેણાંક મકાનમાં દરવાજાનું તાળુ તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમે ઘરમાં પ્રવેશ કરી કબાટમાં રાખેલ રોકડ રકમ રૂા. ૪ હજાર તથા મોબાઈલ ફોન–૧ મળી કુલ રૂા. ૧૩૯૯૨નાં મુદામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ બાબરા પોલીસમાં નોંધાઈ છે.

# સાવરકુંડલા : પંડિત દીન દયાળ ઉપવન નજીકની વધારાની જગ્યામાં જાહેર શૌચાલય બનાવો

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર આવેલા પંડિત દીનદયાળ ઉપવન પાસેની બાજુની ફાજલ જગ્યામાં આ વિસ્તારના વેપારીઓ અહીથી પસાર થતાં રાહદારીઓ માટે એક જાહેર શૌચાલયની તાતી જરૂરિયાત હોય. યુધ્ધના ધોરણે એક જાહેર શૌચાલય બનાવવા માટે સાવરકુંડલા શહેરના યુવા પત્રકાર સોહિલ શેખ દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ પત્રની નકલ પ્રાદેશિક નિયામક ભાવનગર, અમરેલી સાંસદ, સાવરકુંડલા ધારાસભ્ય, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખને પણ રવાના કરેલ છે. આમ ગણો તો સાવરકુંડલા શહેરની મોટાભાગના વિસ્તારોમાં જાહેર શૌચાલયની આવશ્યકતા છે. આ સંદર્ભે સંપૂર્ણ અભ્યાસ કરી જયાં જયાં આવશ્યક જણાય ત્યાં શૌચાલયો બનાવવા જોઈએ તેવું લોકો પણ ઈચ્છી રહ્યા છે.

# ઉના–અમરેલી બસનાં સમયમાં ફેરફાર કરવા માંગ

અમરેલી તા. ૨૫

ઉનાથી અમરેલી આવતી બસ વહેલી સવારે ૫:૩૦ કલાકે ઉનાથી ઉપડે છે. આ બસમાં પચપચીયા, ચકાવા, બોરાળા,ધૂંધવાણા, કંટાળા, ખડાધાર, ખાંભા, નાનુડી, અનિડા, ઈંગોરાળા, સમઢીયાળા,ધારગણી, વાવડી,ચલાલા,માળીલા અને દેવરાજીયા ગામના અંદાજે ૨૫ વિદ્યાર્થી ભાઈ–બહેનો અમરેલીની શાળા–કોલેજોમાં અભ્યાસ કરવા આવે છે.આ બસ અમરેલી આવતા લગભગ ૮.૩૦ – ૮.૪૫ કલાકે અમરેલી પહોંચે છે.જેથી વિદ્યાર્થીઓ દરરોજ અર્ધો કલાકથી પોણો કલાક શાળા કોલેજે મોડા પડે છે.

તો આ બસનો ઉનાથી ઉપડવાનો સમય સવારે ૫.૩૦ ના બદલે સવારે ૫.૦૦ કલાકનો કરવામાં આવે તો, વિદ્યાર્થીઓ સમયસર શાળા–કોલેજે પહોંચી શકે.આ અંગે ઘટતું કરવા પ્રા.જે.એમ.તલાવીયાએ વિભાગીય નિયામક, એસ.ટી.ડિવિઝન અમરેલી અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાને પત્ર પાઠવી રજુઆત કરેલ છે.

# સા.કુંડલાનાં એસ.ટી. ડેપો નજીક નામ નિર્દેશવાળુ બોર્ડ લગાવવા માંગ



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા શહેરમાં આવેલ એસ. ટી. ડેપોનાં પ્રવેશદ્વાર પર તોકતે વાવાઝોડા દરમિયાન ક્ષતિગ્રસ્ત થયેલું નામનિર્દેશનવાળું બોર્ડ લગાવવામાં આવે તેવી શહેરનાં જાગૃત નાગરિક હર્ષદભાઈ જોશી દ્વારા તંત્રને જાહેર અપીલ કરવામાં આવી. કાળ ચક્રનો માર ખાઈને તોકતે વાવાઝોડામાં સાવરકુંડલા એસ. ટી. ડેપોનાં પ્રવેશદ્વાર પર આવેલું નામનિર્દેશનવાળું બોર્ડ ધ્વસ્ત થયેલું હાલમાં એસ.ટી. દ્વારા સ્વચ્છતા અભિયાન ચાલે છે. તો સાથે સાથે આ નામનિર્દેશનવાળું બોર્ડ પણ ફરી પ્રવેશદ્વાર પર લગાડવામાં આવે તો અહીંથી પસાર થતા રાહદારીઓ, વાહનચાલકો અને શહેરીજનોને અહીં સાવરકુંડલા એસ.ટી. ડેપો આવેલો છે તેનો અહેસાસ થાય. આમ તો આપણાં ઘરે, ફેકટરીએ, દુકાને કે ખેતરે કોઈ અણધારી આફત જેવી કે વાવાઝોડાંનાં કારણે માલ મિલકતને નુકસાન થયું હોય તો આપણે ફરી તેની મરામત કરીએ છીએ. જયારે આ તો જાહેર મિલકત ગણાય. આ સંદર્ભે ઉપેક્ષા કરવી યોગ્ય તો ન જ કહેવાય. એટલે એસ. ટી. ડેપોનાં પ્રવેશદ્વાર બને કે ન બને તે તો વ્યવસ્થાનો વિષય છે. પરંતુ જે બોર્ડ વાવાઝોડા પહેલાં પ્રવેશદ્વારે સાવરકુંડલા શહેરનું નામ નિર્દેશન કરતું હતું તે ફરીથી લગાવવામાં આવે તો એસ. ટી. ડેપોની શોભામાં પણ વધારો થાય. આમ ગણીએ તો આ એસ. ટી. ડેપોમાં સાવરકુંડલાનાં ધારાસભ્ય પણ મુલાકાત લઈ ચૂકયા છે અને લોકોને પડતી મુશ્કેલીઓની માહિતી પણ મેળવી ચૂકયા છે અને લોકોને વધુમાં વધુ સુવિધા ઉપલબ્ધ થાય તે માટે પ્રયત્નશીલ છે. એવી પરિસ્થિતિમાં સાવરકુંડલા એસ. ટી. ડેપોના પ્રવેશ દ્વાર પર નામનિર્દેશનવાળું બોર્ડ લાગે એ ઈચ્છનીય છે. સમયનો માર અને વાતાવરણનાં પ્રભાવને લીધે પ્રવેશદ્વાર પર આવેલી એ ફ્રેમ કટાઈને ક્ષતિગ્રસ્ત બને એ પહેલાં બોર્ડ લગાવવામાં આવે એમ સાવરકુંડલાના જાગૃત નાગરિક હર્ષદભાઈ જોશી દ્વારા તંત્રને જાહેર અપીલ કરવામાં આવેલ છે.

### ખેડૂતોનાં પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવા

# અમરેલીમાં આજે બપોરે કિસાન કોંગ્રેસનાં નેતા પાલભાઈ આંબલિયાનું આગમન

**જિલ્લાભરનાં ખેડૂતોને ઉપસ્થિત રહેવા અનુરોધ**

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા કિસાન કોંગ્રેસનો ઉદેશ ગુજરાત કિસાન કોંગ્રેસના નેજા હેઠળ ખેડૂતોનાં દરેક પ્રશ્ને સતત લડપત કરતા રહે તેવા લડાયક ખેડૂત મિત્રો દ્વારા બનેલી દરેક ગામની ''કિસાન કોંગ્રેસ ગ્રામ સમિતિ'' બનાવવી, આ ગ્રામ સમિતિનાં સભ્યોને વિવિધ સેમિનાર યોજી કાયદાકીય અને લડત અંગે સંપુર્ણપણે માર્ગદર્શીત કરી લડાયક



યોદ્ધા બનાવવા જેથી કરીને ગામનાં નાના મોટા પ્રશ્નો અંગે તેઓ ખુદ લડત કરતા થાય એ ઉદેશ અને ખેડૂતભાઈઓને મળવા, માર્ગદર્શન લેવા એન સાંભળવા ગુજરાત કિસાન કોંગ્રેસના અધ્યક્ષ અને ખેડૂતોના પ્રશ્નો માટે લડાયક નેતા પાલભાઈ આંબલીયા આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેવા ના હોય જિલ્લાનાં ખેડૂતભાઈઓને ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

### વીજપડીનાં પુર્વ સરપંચ યાકુબ રસભર્યાની માંગ

# સાવરકુંડલા તાલુકાનાં પંચાયત મંત્રીઓ અને ગ્રામ સેવકોની કામગીરીની સમિક્ષા જરૂરી

**જિલ્લા વિકાસ અધિકારીએ સરપ્રાઈઝ ચેકીંગ કરાવું જોઈએ**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકા પંચાયતમાં દુર અઠવાડિયે પંચાયત મંત્રીઓ ગ્રામસેવકોની મીટીંગ મળે છે. જેમાં ખરેખર દરે કર્મચારી હાજર રહે છે કે કેમ ? કે પછી પરસ્પર સહીઓ કરવાનાં નિરંતર વારા ગોઠવાયા છે. ? જિલ્લા વિકાસ અધિકારીએ સમગ્ર જિલ્લામાં દરેક તાલુકા મથંકે મીટીંગ સમયે તેમજ મીટીંગ સિવાયનાં સમયે સરપ્રાઈઝ ચેકીંગ કરવાની ખાસ જરૂરત છે. જેથી કેટલાક કર્મીઓ કે તેનાં અગ્રણીઓ ગેરહાજર રહેતા હોય તો ટી.ડી.ઓ.ની રહેમદ્રષ્ટિ હશે તો પણ ખુલ્લી પડી જશે. તેમ વીજપડીનાં પુર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જણાવેલ છે.

પ્રાપ્ત માહિતી મુજબ સમગ્ર રાજયમાં પંચાયત કર્મીઓ તાલુકા મંથકે મીટીંગનાં વહાને કેટલાક કર્મચારીઓ મીટીંગમાં ગેરહાજર રહેતા હોય છે. જેની હાજરીની સહીઓ પણ અન્ય કરતા હોય છે. તેવું જાણવા મળે છે, ત્યારે જિલ્લા વિકાસ અધિકારીએ દરેક તાલુકા મંથકે તેમજ દરેક ગ્રામપંચાયતમાં આકસ્મિક તપાસ કરવાની ખાસ જરૂરત છે. જે ગેરહાજર હોય એન તેવા કર્મીચારની મીટીંગ રજીસ્ટરમાં સહી કરનારાઓ સામે પણ કડક પગલા લેવા જોઈએ. જરૂર જણાય તો સહીનાં શંકાસ્પદ નમુના એફ.એસ.એલ. મોકલી સરકાર સાથે સેવામાં છેતરપીંડી ચોરી વગેરે મુજબનો ગુન્હો દાખલ કરાવવા ડી. તાલુકા મંથકે મીટીંગ સમયે, મીટીંગ સિવાયનાં દિવસે તાલુકા મંથકે તેમજ ગ્રામપંચાયતની આચિંતા સ્થળ ઉપર તપાસ કરવાની જરૂરત છે. કારણ કે મોટાભાગનાં કર્મચારીઓ મંગળવાર– શુકવાર અઢીથી પાંચ કલાક સમય આપતાં હોય તે પકડાઈ જશે, તેમજ જે કાર્યદક્ષ–નિષ્ઠાવાન છે. તેઓનાં ઉત્સાહમાં વધારો થશે. તેમ અંતમાં જણાવેલ છે.

### શહેરીજનો પ્રાથમિક સુવિધાથી વંચિત રહ્યાં હોય

# હાશકારો : લાં...બા સમય બાદ ચલાલા પાલિકામાં કાયમી ચીફ ઓફિસરની નિમણુંક

**પાલિકાનાં પૂર્વ પ્રમુખે ચિફ ઓફિસરનું કર્યુ સ્વાગત**

ચલાલા, તા. ૨૫

શ્રી દાનેશ્વરધામ નગર સેવા સદન–ચલાલામાં ઘણા ટાઈમ બાદ નવા રેગ્યુલર ચિફ ઓફિસર તરીકે ભાવનાબેન ગૌસ્વામીની નિમણુંક થતાં ચલાલા નગર પાલીકાનાં પૂર્વ પ્રમુખ શ્રીમતી ગીતાબેન કારીયાએ નગરપાલિકાનાં કર્મચારીઓને સાથે રાખી નવનિયુકત ચીફ ઓફિસરને પુષ્પગુચ્છ અર્પણ કરી ખુબ જ સન્માન સાથે આવકારી આનંદની લાગણી વ્યકત કરી હતી. ચલાલા નગરપાલિકામાં ઘણા ટાઈમથી ઈન્ચાર્જ ચીફ ઓફીસર હતા. જેથી તેઓ નગરપાલીકા કચેરીને પુરતો ટાઈમ ફાળવી આપી શકતા નહી અને ન.પા.માં બોર્ડની મુદ્દત ફેબ્રુઆરી–૨૦૨૩માં પુરી થઈ ગઈ હોવાથી વહીવટદાર શાસન ચાલતું હોવાથી ચીફ ઓફિસરની વિશેષ જવાબદારી રહેતી હોવાથી ઈન્ચાર્જ ચીફનાં કારણે શહેરીજનોને પ્રાથમિક સુવિધા મળતી ખોરંભે પડી હોય અને પ્રાથમિક સુવિધામાં વિલંબ થતો હોય તો નવા રેગ્યુલર ચીફની નિમણુંક થતાં



શહેરીજનોને પ્રાથમિક સુવિધા ત્વરીત મળતી થાય તેવી શહેરીજનો અપેક્ષા રાખી રહ્યો છે. પૂર્વ પ્રમુખએ નવનિયુકત ચીફ ઓફિસરને શુભકામના પાઠવીને જણાવેલ હતું કે શહેરમાં રખડતા ઢોર, લાઈટ, સફાઈ, ગેનેજગટર, સફાઈ સહીતની પ્રાથમિક સુવિધા શહેરીજનોને વિના–વિલંબે મળતી થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવાની રજૂઆત કરેલ હતી તેમજ વેપારીઓનાં બીલનાં ચુકવણા ઘણા ટાઈમથી થયા નથી તો વેપારીઓનાં બાકી રહેલા નાણા વહેલી તકે ચુકવવાની પણ રજૂઆત કરવામાં આવી હતી.

### આરોગ્ય મંદિરનાં તબીબો દ્વારા દર્દીનારાયણની અનેરી સેવા

# સા.કુંડલાનાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનાં ઈન્ડોર દર્દીઓ માટે સંગીતનો કાર્યક્રમ યોજાયો

**ડોકટરનાં મિત્રોએ જન્મદિવસ નિમિત્તે સુંદર કાર્યક્રમ કર્યો**

**(પ્રતાપભાઈ ખુમાણ દ્વારા)**

સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલામાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશનનાં માર્ગદર્શન નીચે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર જે તદ્દન નિઃશુલ્ક મેડિકલ સેવાઓ આપી રહી છે. સારાએ અમરેલી જિલ્લામાં આ એકમાત્ર હોસ્પિટલ એવી છે કે જેમાં કેશ વિન્ડો જ નથી. એટલે કે ચાર્જ કે ફી લેવા માટેની કોઈ બારી જ નથી. કીમોથેરાપી, ડાયાલિસિસ, એકસરે, તમામ લેબ ટેસ્ટ, ઓર્થોપેડિક ઓપરેશન સહિતનાં તમામ જનરલ ઓપરેશનો, હાર્ટ ડીસીઝ, ડેન્ટલ સારવાર, આઈ.સી.યુ વોર્ડ, હોમિયોપેથીક સારવાર, જેવા અસંખ્ય આરોગ્યને લગતા ડિપાર્ટમેન્ટસ તદ્દન નિઃશુલ્ક છે. આ ઉપરાંત દર્દીઓનાં સગાઓ માટે ચા–નાસ્તો, બંને ટાઈમ જમવાનું પણ તદ્દન ફ્રી છે. આ હોસ્પિટલમાં ડોકટર્સ પેરામેડિકલ સ્ટાફ સહિત લગભગ ૨૦૦ નો સ્ટાફ છે. આ શ્રી શેઠ આરોગ્ય મંદિરનાં હેડ ઓફ ધી હોસ્પિટલ ડોકટર પ્રકાશ કટારીયાનો ગઈકાલે જન્મદિવસ હતો. મૂળ ભાવનગરનાં વતની અને સિંધી પરિવારમાંથી આવતા આ તબીબે પોતાના જન્મદિવસને કયારેય નહિ ઉજવવાનું નક્કી કરેલ. પરંતુ સાવરકુંડલા ની અંદર ખૂબ જ ટૂંકા ગાળામાં આ ડોકટર કટારીયાએ પોતાનાં કોમળ સ્વભાવ અને એકદમ મૃદુભાશી વ્યક્તિત્વને કારણે ખૂબ જ બહોળો મિત્ર વર્ગ ઊભો કર્યો છે. ત્યારે આ સમગ્ર મિત્ર મંડળને ખ્યાલ હતો કે ડોકટર કટારીયાનો જન્મદિવસ આવી રહ્યો છે, ત્યારે તેને નિમિત્ત બનાવીને, પોતાના આ ડોકટર મિત્રે સહેજ પણ અણસાર ન આવે તે રીતે એક સરસ સુગમ સંગીત, લોકસંગીત, ધાર્મિક વાણી, જેવી રચનાઓનો એક સુંદર મ્યુઝિક થેરાપીનો કાર્યક્રમ સરપ્રાઈઝ રીતે ગોઠવ્યો કે જેનાથી આ હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ્સ અને તેના સગા વાલાઓ થોડા કલાકો માટે પોતાનું દુઃખ દર્દ ભૂલી, રિલેકસ થાય.



આ ઉપરાંત આ હોસ્પિટલની અંદર કાર્યરત ડોકટર અને પેરામેડિકલ સ્ટાફ જે ૨૪×૭ સતત તણાવની સ્થિતિમાં કામ કરતા હોય છે. ત્યારે થોડા કલાકો માટે સંગીત થેરાપીથી તણાવ ભૂલીને એકદમ હળવાશની અનુભૂતિ કરી શકે તેવા શુભ આશયથી આરોગ્ય મંદિરનાં એર કન્ડિશન હોલમાં મુંબઈનાં સુવિખ્યાત ફિલ્મી ગાયક જયદેવ ગોસાઈ જેવાં દિગ્ગજ કલાકારે આરોગ્ય મંદિરની ખ્યાતિ સાંભળીને પોતાની લાખો રૂપિયાની ફી જતી કરીને આ સંગીત જલસામાં તદ્દન નિઃશુલ્ક આવીને અહીંનાં દર્દીઓને પોતાની કલાથી મંત્રમુગ્ધ કરી દીધા હતાં. આ ઉપરાંત મહુવાનાં નેસવડ ગામના એક ઉગતા યુવા કલાકાર ભાવિક ભેડા, ખાંભા ગામના સુપ્રસિદ્ધ લોકગાયક પરેશ વડીયાનો સુપુત્ર ભવદીપ વડીયા કે જે તબલા ઉસ્તાદ છે અને સાવરકુંડલાનાં જ સ્વ ગોવિંદરામ ગોંડલીયાનાં સુપુત્ર મેહુલ ગોંડલીયાએ પણ આ કાર્યક્રમમાં પોતાની કલા રજૂ કરી હતી. આ ઉપરાંત આ કાર્યક્રમમાં મેલડીધામ મહંત શ્રી ઘનશ્યામગીરી તથા માનવ મંદિર આશ્રમનાં શ્રી ભકિતરામ બાપુ અને સાવરકુંડલા ટાઉન પોલીસ ઈન્સ્પેકટર સોની ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ ઉપરાંત અમરેલી જિલ્લા ફ્રી લાન્સ જર્નાલિસ્ટ પ્રતાપભાઈ ખુમાણની સામાજિક સેવાની કદરરૂપે તેમનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું ખૂબ જ સુંદર સંચાલન કોલેજનાં પ્રિન્સિપાલ રવીયાએ સંભાળ્યું હતું. ખાસ નોંધનીય બાબત એ છે કે આ સમગ્ર કાર્યક્રમમાં પોતાની કલા રજૂ કરવા આવેલા કલાકારોએ એક પણ રૂપિયો પોતાનો ચાર્જ લીધો ન હતો અને આ સમગ્ર કાર્યક્રમમાં બીજો જે કાંઈ ખર્ચો થયો તે ડોકટર પ્રકાશ કટારીયાનાં મિત્ર વર્તુળ દ્વારા કરવામાં આવ્યો હતો.

### શહેરથી દોઢ કિ.મી. દુર આરોગ્ય માટે જવાની ફરજ પડશે

# જાફરાબાદનાં અર્બન હેલ્થ સેન્ટરમાં મળતી સુવિધાઓ હવે દુર ખેંચાતા જનતા પરેશાન

**જિલ્લાનાં આરોગ્ય અધિકારી યોગ્ય કરે તેવી માંગ**


જાફરાબાદ, તા. ૨૫

જાફરાબાદ ખાતે આવેલ અબન હેલ્થ સેન્ટરની ઓફીસ જાફરાબાદ સિટીથી દોઢ કિલોમીટર દૂર ખસેડવામાં આવેલ છે.જેથી કરીને લોકોને કામકાજ અર્થે જવા માટે ખુબજ મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ આ અબન હેલ્થ સેન્ટરમાં રાજય સરકારની યોજના મુજબ ટીબી, તથા કેન્સર જેવા અસાધ્ય રોગો માટે જે સહાય મળે છે તે માટેના નિયત નમૂનાના અરજી ફોર્મ અરજદારો લેવા જાય છે ત્યારે આ ફોર્મ મળતા ન હોવાથી નાગરિકો ધક્કા ખાઈને થાકી જાય છે તેમજ મંજુર થયેલ સહાય પણ સમયસર ચુકવવામાં આવતી નથી લોકોને વારંવાર ધક્કા ખવડાવવા જેથી કરીને લોકોમાં શારિરીક તથા માનસિક ત્રાસ થઈ રહ્યો હોય આ બાબતે જવાબદાર અધિકારીએ ધ્યાન આપવું જરૂરી છે. આ બાબતે યોગ્ય કરવામાં નહીં આવે તો સરકારમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તમામ જવાબદારી સંબંધિત આરોગ્ય અધિકારીઓની રહેશે.

# વાર્તા–વૈભવ

## બાપ

– જગદીપ ઉપાધ્યાય



જગદીપ જી. ઉપાધ્યાય

(ગયા અંકનું ચાલુ)

ધનાની સાથે ધંધામાં જોડાઈ ગયેલા, વળી ઉતાવળે પૈસોટકો, ધંધો, કારોબાર વગેરે છોકરાવને નામે કરી દીધેલા તે વૃદ્ધાશ્રમમાં જવાનો વારોય વહેલો આવી ગયેલો. ગામમાં મરવાની મમતે પખવાડિયા સારૂ પાછો આવ્યો. ઉતાવળ તો મરતાં મરતાંય ન ગઈ. મારી માફક કૈલાસધામ સુધીય ન આવ્યો. શેરીમાં દુધ દેવા આવતી, પાંચમે મહિને જતી ગરીબ ભરવાડણનાં પેટમાં પ્રવેશી પણ ગયો, જો કે આ વખતે એનો વિચાર સાવ ખોટો પણ નહોતો.

ભલે ને છાશ અને રોટલો ખાવા મળે, ભલેને ટંક છાંડી જઈએ પણ છોકરાઓ વૃદ્ધાશ્રમમાં તો ન મુકી આવે ! થોડું મુકીને જતા બાપનાં દીકરાને જે ખુશી હોય તેવી ખુશી મારા મોટાનેય આજે ભીતરમાં હતી. આગે જોર પકડયું હતું, તિખારા ઉડતા હતા. લોહી બળતું હતું. પવનનું જોર વધતું હતું.

સામેનાં એ ઝાડને છાંયે નાનો ગમગીન ચહેરો નજીકનાં સંબંધીઓથી ઘેરાઈને બેઠો હતો. કેવો નિર્દોષ ! પ્રેમાળ ! મારા માયાળુ દીકરે મને ઢાંકી દીધો. બધા વાતોએ વળગ્યા હતા. કોઈક મારા તો કોઈક મને સારી રીતે સાચવવા બદલ નાનાના ગુણગાન કરતા હતા. કોઈ વળી અવરની માંદગીની, પીડાની, મરણની, કર્મોની કે ભળતી ભૂતપ્રેતની વાતોએ ચડયા હતા. નાનાને મારી ઉત્તરક્રિયા વિશે કે બીજું કાંઈ પુછવું હશે તે ઉઠીને પાળીએ બેઠેલા મોટા તરફ આવ્યો. મોટાએ તીવ્ર અણગમો બતાવી મોં ફેરવી લીધું.

નાનો હળવેકથી તેની પાસે પાળી પર બેઠો ને આર્દ્ર ભાવે બોલ્યો, 'ભાઈ !... '' થોડીવાર તો મોટો કાંઈ બોલ્યો નહી. થોડી સ્મશાનવત મુંગી પળો પસાર થઈ ગઈ પણ પછી વર્ષોથી દબાયેલો રોષ તેના હોઠો પર આવ્યો.

''બાપાને સમજાવી પટાવી, ઘરબાર બધું પોતાનાં નામે કરી લઈ હવે શું કારજમાં ભાગ માંગવા આવ્યો છો ?''

'ભાઈ, તમે માનો છો એવું કાંઈ નથી. બાપા તો કહેતા કે મારે ત્રણે આંખ સરખી એટલે આપણા ત્રણે ભાઈ–બહેનનાં નામે તેણે એક સરખી ફીકસ રકમ બેંકમાં મુકી છે. ત્રણેને વારસ નીમીને સરખી વીમાની પોલીસઓ લીધી છે. નાનીને શહેરમાં વ્યવસ્થા કરતા ગયા છે ને છોકરાને બોજો ન પડે તે માટે કારજ જેટલી રકમ પણ મુકીને ગયા છે.''

''એટલે બાપાનું તૈયાર ઘર તારે લેવાનું એમને !

''ભાઈ ! અમારે તો છોકરાં છૈયા છે, તમારે નથી. મેં ને મારી ઘરવાળીએ નકકી કર્યુ છે કે ઘર, પ્લોટ જે સારૂં લાગે તે તમારૂં, બાપાની બધી મિલકતમાંથી તમારે જે જોઈએ તે અમારે ન જોઈએ. હું બે – ચાર વાર તમને બોલાવવા આવી ગાયો પણ તમે ને ભાભી આવ્યાં જ નહી ! એટલું બધું શું દુઃખ લાગ્યુ હતું. તમને ?''

મોટો પીગળ્યો, ''નાના'' સાચુ કહું ! બીજુ કંઈ નહોતુ. નાની નાની માથાકુટ તો થાય પણ એક તો તારી ભાભીનો ખોળો ભરાતા નહોતો ને બાપા વારે વારે તારી ભાભીને 'તારૂં નખ્ખોદ જાય'' એમ કહેતા તેથી તારી ભાભીને બહુ લાગી આવતું. આખરે હું કંટાળીને નોખો રહેવા જતો રહેલો.''

''અરે ! આજ બોલ્યા ?! આવું તો બાપા ખીજાતા ત્યારે મારી ઘરવાળીનેય કહેતા. આપણી કયાં વાત કરો છો નટાકાકાનાં છોકરાની વહુનેય આવું આવું વઢતા ! એ તો એનો સ્વભાવ હતો ! બાકી તો ભાભીનો ખોળો ભરાય એટલે બાપાએ જોશી બાપાની સુચનાથી ગુરૂવારનાં એકટાણાં શરૂ કરેલા !''

આ સાંભળતા સારા દિવસોએ જતી પોતાની પત્ની મોટાને નજર સામે આવીને મોટો ધ્રુસકે ધ્રુસકે રડી પડયો. એ અશ્રુઓએ મારી છાતી સુધી આવી પહોંચેલી આગને શ્રાવણી ફોરામાં પલટી નાખી. બે–ચાર સ્વજનો મોટાને વીંટળાઈ વળ્યાને આશ્વાસ આપવા લાગ્યા. નાનો અને મોટો બે હાથ જોડીને ઉભા હતા. નજીકનાં સ્વજનો સાથે હુંય દીકરાઓની વિદાય લેવા ગયો.

મેં એ તરફ જોયું. આકાશમાં અબીર અને ગુલાલ ઉડતાં હતાં. એક રેશમી પાલખી લઈને દેવદુતો મને તેડવા માટે આવ્યા હતા. સાથે ગો–લોકવાસી કીર્તન કરતા હતા.

પાછળ અપ્સરાઓ મંગળ ગીતો ગાતી હતી. આગળ દેવબાળાઓ અજવાળાનાં કળશ લઈને ઉભી હતી.

આ તરફ લીલી લાગણીઓવાળા સ્વજનો, ધરતીનાં ટહુકા જેવા સંબંધો, મારી ખુશીનાં ગીત જેવા મોટો, નનકો ને દીકરો, કણ કણમાંથી રેલાતું પ્રેમનું સંગીત, મારો રસ્તો રોકતા હતા.

મોટાની આંખમાં પાંદડી પર બાઝેલા ઝાકળનાં બિન્દુઓ જેવાં ઝળઝળિયાં મેં જોયા. મારી રાખમાંથી શેષ વધેલી બાપનાં કાળજાની પીડા મેં અનુભવી ને દેવદુતોને પાછા વળવાનો ઈશારો કરી મોટાની વહુની ખાલી કુખ ભરવા હું પાછો વળ્યો.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

■ ઉખાણા ■ બાળવાર્તા ■ જોડકણા ■ બાલગીત ■ જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

# અમરેલીનું યાદગાર સંભારણું

**રમેશ પારેખનો વન પ્રવેશ મહોત્સવ**

ચીંધ આખું વિશ્વ તું એને, રમેશ જેને સરનામું ર.પા.નું જોઈએ

આપણા સૌના લાડીલા કવિશ્રી રમેશ પારેખે પચાસ વર્ષ પુરાં કર્યા તે પ્રસંગ ઉમંગે ઉજવવા આયોજન કર્યુ તેને ચાહકો અને ભાવકો દ્વારા એવો જબ્બર પ્રતિસાદ સાંપડયો કે આ પ્રસંગ અમારામાંથી વિસ્તરી આપણા સૌનો બની ગયો. અનન્ય બની ગયો.

વૃક્ષો જોયાનો થાય લીલોછમ વ્હેમ
એવો માર્યો આ ડંગ કઈ આપણે ?

અમરેલી જિલ્લા વિદ્યા–સભાનાં સહયોગી અમરેલીનાં વિદ્યા–વિહાર સંકુલમાં કવિશ્રીનાં વરદ હસ્તે વવાયેલા એકાવન વૃક્ષોનાં સ્થળનું 'રમેશ –વન' એવું નામાભિધાન થયું. આમ વૃક્ષારોપણનાં કાર્યક્રમ તા.૧૮/૯/૯૧ થી કવિશ્રી રમેશ પારેખ વન – પ્રવેશ મહોત્સવનો મંગલ પ્રારંભ થયો.

આ મનપાંચનાં મેળામાં સહુ જાત લઈને આવ્યા છે
કોઈ આવ્યા છે સપનું લઈને, કોઈ રાત લઈને આવ્યા છે

સુગમ સંગીતના કાર્યક્રમમાં રીતે વન્સમોર થતો હોતો નથી. તાળીઓ, વાહ વાહને દાદ ખુબ મળે પણ મુંબઈની ત્રિપુટી સર્વશ્રી ઉદય મજુમદાર, સુરેશ જોશી અને રેખા ત્રિવેદીએ સંયુકત સ્વરોમાં ગાયેલું ''આ મનપાંચમનાં મેળામાં'' ઉપસ્થિત હજારો શ્રોતાઓને એટલું ગમ્યુ કે કલાકારો પાસે તે ફરી ગવડાવ્યું.

આ ઘટના છે કવિશ્રી રમેશ પારેખનાં વનપ્રવેશ પ્રસંગે રાજકોટ ખાતે તા. ૨૪ /નવેમ્બર–૯૧ ની રાત્રિએ યોજાયેલી સુગમ સંગીત સંધ્યા–'કલબલતાં નેવાંને અજવાળે–ની પ્રારંભમાં કવિશ્રી રમેશ પારેખે તેમનાં સન્માનના પ્રત્યુત્તરમાં કહયું કે, 'રાજકોટ મારૂં શ્વસુરગૃહ એટલે કે બીજું ઘર છે અને અહીં ઉપસ્થિત



'છ અક્ષરનું નામ'ની શોભાયાત્રા

એકેએક શ્રોતા ભર્યાભર્યા વાદળની માફક પ્રેમથી વરસે છે.

આ સૂર – સંધ્યામાં મુંબઈથી પધારેલા સર્વરી ઉદય મજુમદાર, સુરેશ જોશી, રેખા ત્રિવેદી, વડોદરાથી પધારેલા જયશ્રી ગજજર

## ભાતીગળ સૌરાષ્ટ્ર

ઉપરાંત વિનોદ પટેલ, ભદ્રાયુ ધોળકિયા, દિલીપ આહ્વા, હસમુખ પાટડિયા, અનંત વ્યાસ તેમજ વડીલ ગાયકશ્રી વિનુ વ્યાસે મુખ્યત્વે કવિશ્રી રમેશ પારેખની રચનાઓનું ગાન કર્યુ. સંગતમાં હતા અમરેલીનાં બાંસુરીવાદક શ્રી સંજીવ ધારૈયા અને શ્રી અનિલ ઠાકર તેમજ તબલાં પર હતા શ્રી અંબરિષ મહેતા અને અન્ય.

આ સુરયાત્રા કવિશ્રી વસંત જોશીની ઉદ્‌બોષણાનાં સથવારે બહુ સુંદર રીતે છેક મોં–સુઝણા સુધી ચાલી.

દોસ્તોની છાતીઓનું નામ– બારમાસી વસંત !

હમેશા ત્યાં જ અમારો પડાવ વરણાગી

તા.૨૬ નવેમ્બર,૧૯૯૧ ની રાત્રીએ અમરેલી ખાતે 'સોનલ' તારો દેશ'માં કવિશ્રી રમેશ પારેખનાં વનપ્રવેશ પ્રસંગે અભિવાદન સમારોહનો પ્રારંભ થયો, કવિસંમેલન દ્વારા. કવિશ્રી રમેશ પારેખ ઉપરાંત કાવ્યપાઠ કર્યો સંર્વશ્રી મનોજ ખંડેરિયા, વિનોદ જોશી, અરવિંદ ભટ્ટ, મહેન્દ્ર જોશી, રીતા ભટ્ટ, ઉષા ઉપાધ્યાય, બેન્યાઝ ધ્રોલવી, ફારૂક શાહ, પ્રકાશ જોશી અને હર્ષદ ચંદારાણાએ. કવિ સંમેલનનું સંચાલન કર્યુ શ્રી હર્ષદ ચંદારાણાએ.

આવેલું શમણું પણ અવસર થઈ જાય–
એવા દિવસોની વાત મને યાદ છે !

૨૭ નવેમ્બર,૧૯૯૧ના દિવસે બપોરે અમરેલી શહેરનાં મુખ્ય માર્ગો ઉપરથી અદ્વિતીય શોભાયાત્રા નીકળી, આ કોઈ ધર્માચાર્યની, લગ્નસરાની કે ધર્મગ્રંથની શોભાયાત્રા ન હતી કે રાજકીય કાર્યક્રમ કે આંદોલનનું નિમિત પણ ન હતું.

આ તો અમરેલીનાં પનોતા પુત્ર કવિશ્રી રમેશ પારેખનાં સમગ્ર કવિતાના ગ્રંથ 'છ અક્ષરનું નામ'ની શોભાયાત્રા હતી અને તેમાં આખુંયે શહેર જોડાયું હતું.

માર્ગો પર થોડા અંતરે કવિશ્રી રમેશ પારેખની કાવ્યપંકિતઓનાં આલેખનથી સુશોભિત પડદાવાળી અનેક કમાનો ઉભી કરવામાં આવેલી હતી.


શોભાયાત્રાનાં પ્રારંભે રાષ્ટ્રીયકક્ષાએ પ્રથમ આવી ચુકેલી જેસીંગપરા, અમરેલીની સુવિખ્યાત રાસ મંડળી પ્રારંભે રાષ્ટ્રીયકક્ષાએ પ્રથમ આવી ચુકેલી જેસીંગપરા, અમરેલીની સુવિખ્યાત રાસ મંડળી રાસ લેતી જતી હતી.

તે બાદ મતિરાળા અને બીજા ગામોથી આવેલી બાળાઓની મંડળીઓ પણ ગાતી અને નાચતી જતી હતી. પછીનાં તબક્કામાં અમરેલીની શાળાઓનાં બાળકો અલગ અલગ વેશભૂષાઓ ધારણ કરી શોભાયાત્રામાં જોડાયેલાં હતા.

**(ક્રમશઃ)**

# હેપી બર્થ ડે શ્યામ

– પ્રકાશ ડી. કુબાવત



નંદપુર નામનું એક ગામ હતું. આ ગામમાં ત્રણ મિત્રો રહેતા હતા. વિજય હર્ષદ અને તરૂણ. ત્રણેયને એકબીજા વિના ચાલે નહી. ઘણા બધાને ત્રણેયની મિત્રતાની ઈર્ષા થતી અને ત્રણેયને અલગ કરવાની જુદી જુદી તરકીબ અજમાવતા પણ અફસોસ ! આજ દિન સુધી કોઈ તેની મિત્રતાને તોડી શકયું ન હતું.

ત્રણેયનાં સંતાન પણ એવડા શ્યામ, દેવ અને ઓમ શાળાનો કોઈ વિદ્યાર્થી આ ત્રણમાંથી કોઈ એકને હેરાન કરે તો બીજા બે તેનાં પર તુટી પડતા. આથી ત્રણેયને શાળામાં કોઈ હેરાન કરતું નથી.

પણ એક દિવસ એવું બન્યું કે દેવ અને ઓમ જ શેરીમાં રમતાં રમતાં લડી પડયા. આગળનું બધુ ભુલી એકબીજાને અપશબ્દો કહેવા લાગ્યા. બંનેએ એકબીજા સાથે બોલવાનું પણ બંધ કરી દીધું.

દેવે ઘરે જઈને રડતા – રડતા ફરિયાદ કરી કે, ''કારણ વગર ઓમે મને માર્યો અને અપશબ્દો કહયા. તેને મારો શર્ટ પણ ફાડી નાખ્યો.'' દેવની વાતથી તેના પપ્પા ખુબ જ ક્રોધિત થઈ ગયા અને ઓમનાં ઘરે થઈ ઓમનાં પપ્પાનાં દેખતા ઓમને ગાલ પર બે થપ્પડ ચોડી દીધી.

આથી ઓમનાં પપ્પા તરૂણભાઈ પણ ક્રોધે ભરાયા. તે પોતાનાં પુત્રને રડતા જોઈ ન શકયા અને તેને પણ દેવનાં પપ્પા હર્ષદભાઈનો કાંઠલો પકડી લીધો. બંને ઝપાઝપી કરવા લાગ્યા અને અપશબ્દો બોલવા લાગ્યા.

હવે બંને એકબીજાનું મોઢું જોવા પણ રાજી ન હતા. વિજય ખુબ જ દુઃખી થયો. ત્રણેય વચ્ચેની મિત્રતા હવે શત્રુતામાં પરિણમી. વિજય કોઈનો પક્ષ લઈ શકતો નથી. તેને એમ હતું કે જો હું કંઈક બોલીશ તો એકને તો ખોટું લાગશે જ સમયય વર્તે સાવધાન એમ માની થોડો વકત તે ચુપ જ રહયો. તે પણ બંન્નેમાંથી કોઈની સાથે વાત કરતો નહી.

સમય ઉતમ ઔષધ છે એવું વિજય દઢપણે માનતો. થોડો વખત પછી હર્ષદને એમ થયું કે મે તો તરૂણ સાથે બગાડયું છે. વિજય સાથે મેં કયાં બગાડયું છે. લાવ આજે હું વિજયનાં ઘરે જાઉ અને તેને બધી વાત કહું આથી મારૂ મન પણ હલકુ થશે અને વિજય સાથે સંબંધ જાળવી રાખું. આથી વિજય પાસે તરૂણ આવશે જ નહિ. અમારા બેની દોસ્તી તો જળવાઈ જ રહેશે ! આમ વિચારી તે વિજયનાં ઘરે ગયો.


વિજયે તેને મીઠો આવકાર આપ્યો. પાણી પી લીધા પછી હર્ષદે પોતાની હૈયા વરાળ ઠાલવી. વિજયે વચ્ચે બોલ્યા વિના તેની વાત શાંતિથી સાંભળી.

પછી વિજયે કહયું, 'તે ઓમને માર્યુ તે ખોટું કર્યુ. તારે ગુસ્સા પર કાબુ રાખવો જોઈતો હતો. તારા પુત્રને આ રીતે કોઈ મારે તો તું સહન કરી શકે?'' થોડી વાર હર્ષદ વિચારતો રહયો.

તેને વિચારતો જોઈ વિજયે તક ઝડપી લીધી. તપતા લોઢાને જેવો ઘાટ આપવો હોય તેવો આપી શકાય એ ન્યાયે તેને હર્ષદને કહયું કે, ''એક વખત તારો પુત્ર ખુબ માંદો પડયો હતો ત્યારે તારા કે મારા પાસે પૈસા ન હતા પણ તરૂણે તેની પત્નીનાં ઘરેણા ગીરવે મુકીને પણ તારા પુત્ર માટે પૈસાની વ્યવસ્થા કરી આપી હતી. તે તું કેમ ભુલી જાય છે ? તારા પુત્રને તે પોતાનો જ પુત્ર માને છે. તારે તેની માફી માંગવી જોઈએ.''

હર્ષદ ભૂતકાળમાં સરી પડયો. તેને બધુ યાદ આવી ગયુ, તેને પસ્તાવો પણ થવા લાગ્યો. પણ તે માફી માગવાની હિંમત બતાવી શકતો નહી.


**બાલમિત્રો,**



ઘણી વખત આપણો નાની નાની વાતમાં માઠું લગાડી દેતાં હોઈએ છીએ. મમ્મી, પપ્પા કે ઘરની કોઈ વ્યકિત આપણાને ગમે નહિ એવી વાત કરે, ઉંચા સાદે કહે, વઢે તો આપણાને ગમે નહિ, કયારેક તો આપણો પણ અમો કહી દેતા હોઈએ છીએ ને વધરામાં રીસાઈ જઈએ. ખાવાની ના પાડીયો, બોલવાનું બંધ કરી દઈએ આવું બધુ થાય. પણ બાલમિત્રો, કયારેય એવું વિચાર્યુ છે કે આપણાને બીજું કોઈ વઢ કયારે ? શા માટે ? આપણો તો એમ જ માનીએ છીએ કે મેં તો કંઈ કર્યુ જ નથી. હું એમાં હતો જ નહિ. મને ખોટી રીતે વગોવે છે. બોલે છે. મેં તો કંઈ કર્યુ જ નથી. હું એમાં હતો જ નહિ. મને ખોટી રીતે વગોળે છે. બોલે છે.। પણ સાવ એવું રહિ નથી. આપણો થોડો ઘણો વાંક તો હોય જ છે. આપણો પણ ભુલ કરી જ હોય છે. પણ આપણો કબુલતા જ નથી. પરિણામે દુઃખી થાવનો વારો આવે. પણ જો આવી પરિસ્થિતિમાં શાંતિથી વિચારીએ તો સમાધાન મળી જ રહે. કોઈ વઢો પણ નહિ. એ માટે હંમેશા સાચુ બોલવું જરૂરી છે. અમત્ય જ દરેક દુઃખનું કાચા હોય છે.

# શતમ્ જીવમ્ શરદ : 'અમરેલી એકસપ્રેસ'નાં તંત્રી મનોજ રૂપારેલનાં જન્મદિને સાહિત્યકાર રવજીભાઈ કાચાએ શુભેચ્છા પાઠવી

**''અમરેલી એકસપ્રેસ''** દૈનિકનાં તંત્રી **શ્રી મનોજભાઈ રૂપારેલનાં જન્મ દિવસે** પગદંડી ''વાતા રે વારતા, વારતા વૈભવ, બાલ એકસપ્રેસનાં સંપાદન સાહિત્યકાર શ્રી રવજીભાઈ કાચા હાર્દિક શુભેચ્છા પાઠવે છે.



શ્રી મનોજભાઇ રૂપારેલ

મિડિયા જગતમાં એક નિર્ભિક, નિખાલક્ષ જનતાનાં અવાજને પ્રાધાન્ય આપનાર, ચમરબંધીને પણ ઝાટકનાર, યોગ્ય વ્યકિતને ન્યાય અપાવનાર નિડર તંત્રી શ્રી મનોજભાઈને ખુબ ખુબ અભિનંદન જંગલને લાગેલી આગમાંથી શકય એટલું બચાવતા આપના પ્રયત્નો સફળ થાય એવી પરમને પ્રાર્થના.

અમરેલીના અવાજને આમ અવિરત વધુને વધુ ઘોષિત થાય એવા પ્રયત્નો કરતા રહો એવી અપેક્ષા સહ પુન : અભિનંદન– ધન્યવાદ.

# માંડલે જેલ અને ગીતા રહસ્ય

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક





૧૯૨૫ માં આ જ જેલમાં સુભાષચંદ્ર બોસ પણ રહી ચુકયા હતા. એમણે પાછળથી લખ્યું.

હું હમેશા વિચાર કરતો હતો કે આ પરિસ્થિતિઓમાં લોકમાન્ય તિલક કેવી રીતે પાંચ વર્ષથી વધુ સમય સુધી, બૌદ્ધિક કાર્યોમાં વ્યસ્ત રહી શકયા, જેણે પુર્ણ આત્મ – નિયંત્રણ અને સંયમ પ્રાપ્ત કર્યો હોય, કષ્ટ અને સુખની અનુભૂતિથી ઉપર હોય, ટાઢ –તાપનાં અનુભવ પ્રત્યે ઉદાસ હોય, એ જ આવી ગંદી જગ્યામાં ઉપર ઉઠી શકે. આ ભયાનક પાંજરામાં લોકમાન્ય તદન એકલા હતા. એટલે સુધી કે જેલનાં સાધારણ બંદીઓને પણ તિલકને મળવા દેવામાં નહોતા આવતાં.''

''નાની નાની વાતોમાં પણ તિલકની સ્વાધીનતા છીનવાઈ ગઈા હતી. એક સમયે તેઓ પોતાની પાસે બે કરતાં વધુ પુસ્તકો રાખી નહોતા શકતા. 'એમનાં પત્ર – વ્યવહાર પર સેંસર હતો. તેઓ જયાં સુધી પોતાનાં આત્મીય લોકો કે મિત્રો સાથે મુલાકાત કરતા હતા, ત્યાં સુધી જેલ અધિકારી ત્યાં મોજુદ રહેતા હતા.

બધી વાતો બરાબર સાંભળવામાં આવતી હતી. અને વચ્ચે એમને ટોકવામાં પણ આવતા હતા. એમનાં ભાવુક મન પર આ નાની–નાની વાતોનો ઘેરો પ્રભાવ પડતો હશે.'' અ સંબંધે મને એક ઘટના યાદ આવી. કોઈ સરકારી અફસર તિલકને જેલમાં મળવા આવ્યો અને કહયું, '' તિલક કેમ છો ?'' શ્રી કે મિસ્ટર પુર્વેનાં લગાડાતા તિલક ગુસ્સે થઈ ગયા અને એ અધિકારીને જોરદાર વઢયા, અફસર પહેલા તો હતપ્રભ થઈ ગયો, પરંતુ માફી માંગી ત્યાંથી જતો રહયો.

''તિલકને બગીચા કામનો બહુ શોખ હતો. તિલકે કયારેક રોપેલાં વૃક્ષો આજે પણ ત્યાં મહોરેલા છે.'' ''મને આજે પણ આશ્ચર્ય થાય છે કે ત્યાં રહીને લોકમાન્ય તિલકે ''ગીતા – રહસ્ય'' જેવું અનુપમ પુસ્તક લખ્યું''

૮ જુન, ૧૯૧૪ ના રોજ તિલકને માંડલેથી પુણે લઈ જવાની કાર્યવાહી શરૂ થઈ. ૧૬ જુનનાં રોજ અડધી રાતે પોલિસ અધિકારી એમને એમનાં ઘરે પુર્ણ મુકી ગયા, આમ એમનો છ વર્ષનો કારાવાસ પુરો થયો.

૨૦ જુને તિલકનાં સન્માનમાં એક ગોષ્ઠિ યોજાઈ હતી. માંડલેથી છુટીને તિલકે સૌ પહેલાં આ જ જનસભામાં પોતાનાં ઉદગાર વ્યકત કર્યો હતો. એમણે કહયું, ''અહી એકઠી વિશાળ જનમેદની જોઈને હું સમજી શકું છું કે લોકો મને ભુખ્યા નથી. હું પણ તમને ભૂલ્યો નથી. તમારા સૌ સાથે મારો વ્યવહાર પહેલા જેવો જ રહેશે. જનતા તિલકને શિવાજીની જેમ'' મહારાજ'' કહેતી હતી. તેઓ 'વંદે માતરમ'નાં સુત્રોચ્ચાર કરતા હતા. આ એ વાતની પ્રતીતી હતી કે તેમનાં પોતાનાં આત્મત્યાગ પ્રતિ તેઓને ઉંડી સહાનુભૂતિ

# ચા–કોફીએ વર્તાવેલો સર્વનાશ : સ્વાસ્થ્ય ઉપર થતો ભયાનક કુઠારાઘાત

આજકાલ આપણા દેશમાં ચા– કોફીનો વપરાશ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આબાલવૃદ્ધ, સ્ત્રી–પુરૂષ, ગરીબ–ધનવાન વગેરે કોઈપણ માણસ ચા–કોફીનાં ભયંકર ફંદામાંથી મુકત નથી.

લોકો કહે છે કે ચા–કોફી શરીરમાં અને મગજમાં સ્ફૂર્તિ આપે છે. આ એમનો ભ્રમ છે. વાસ્તવમાં ચા–કોફી શરીર માટે નુકશાનકારક છે. અનુભવી ડોકટરોનાં પ્રયોગોથી સાબિત થયું છે કે ચા–કોફીથી નિંદ્રા ઉડી જાય છે, પાચનશકિત મંદ પડે છે, ભૂખ મરી જાય છે, મગજ સુકાવા લાગે છે, ગુદા અને વીર્યાશય ઢીલાં પડી જાય છે.

ડાયાબિટીસ જેવા રોગો થાય છે. મગજ સુકાવાથી ઉડી જતી નિંદ્રાનાં કારણે દેખાતી કૃત્રિમ સ્ફૂર્તિ માની બેસવું એ મોટી ભૂલ છે.

ચા–કોફીનાં વિનાશકારી વ્યસનમાં ફસાયેલા સ્ફૂર્તિનાં બહાના નીચે હાર્યા જુગારીની જેમ વ્યસનમાં વધારેને વધારે ઉંડા ઉતરતા જાય છે. તેઓ શરીર, મન, મગજ અને પરસેવાની કમાણીને વેડફી નાખે છે તેમજ અનેક ભયંકર વ્યાધિઓનાં શિકાર બની જાય છે.




જો કોઈને ચા–કોફીનું વ્યસન છૂટતું ન હોય, કોઈ કારણે ચા–કોફી જેવા પીણાંની જરૂર લાગે તો એથીય વધારે રૂચિકર અને લાભકારધક એક પીણું(કવાથ) બનાવવાની રીત આ પ્રમાણે છે.

આયુર્વેદિક ચા

**સામગ્રી** : (૧) ગુલબિનોસા(બનફસા) ૨૫ ગ્રામ (૨) છાયામાં સુકવેલાં તુલસીનાં પાન ૨૫ ગ્રામ (૩) તજ ૨૫ ગ્રામ (૪) નાની એલચી ૧૨ ગ્રામ (૫) વરિયાળી ૧૨ ગ્રામ (૬) બ્રાહ્મીનાં સુકાં પાન ૧૨ ગ્રામ (૭) જેઠીમધ છોલેલી ૧૨ ગ્રામ.

**રીત :** ઉપરની દરેક વસ્તુને અલગ અલગ ખાંડી, ચૂર્ણ કરી, મિશ્રણ કરી શીશામાં ભરી રાખવું. જયારે ચા–કોફી પીવાની જરૂર લાગે ત્યારે મિશ્રણમાંથી ૫–૬ ગ્રામ ચૂર્ણ લઈ ૪૦૦ ગ્રામ પાણીમાં ઉકાળવું. જયારે અડધું પાણી બાકી રહે ત્યારે નીચે ઉતારીને ગાળી લેવું. તેમાં દૂધ–ખાંડ મેળવીને ધીમે ધીમે પીવું.

**લાભ :** આ કવાથ લેવાથી મગજમાં શકિત આવે છે. શરીરમાં સ્ફૂર્તિ આવે છે. ભૂખ વધે છે. પાચનક્રિયા વેગ પકડે છે. શરદી, સળેખમ, ખાંસી, દમ, શ્વાસ, કફજન્ય તાવ અને ન્યૂમોનિયા જેવા રોગો થતાં અટકે છે.

# સંકલ્પ નિયમન માટે સિદ્ધસાધનાઓ

# વિચાર શકિત (THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

**૧. એકાગ્રતા દ્વારા ચિત્તવૃત્તિનિરોધ**

મનમાં ફૂટી નીકળતા વિચારોને શાંત કરો. ઉભરતા મનના આવેશોને શાંત કરવા માટે મનને શરૂઆતમાં કોઈ મૂર્ત વસ્તુ પર એકાગ્ર કરો. જેમ કે કોઈ ફૂલ, બુધ્ધ ભગવાનની મૂર્તિ, કોઈ સ્વપ્નમૂર્તિ, હૃદયમાંનો દિવ્ય પ્રકાશ, કોઈ સંતનું સ્વરૂપ કે તમારા ઈષ્ટદેવનું ધ્યાન પણ ચાલે.


દિવસમાં ત્રણ કે ચાર વાર જેમ કે, બ્રાહ્મ મુર્હુત, સવારના ૮, બપોરના ૪ અને સાંજના ૮ – એમ અભ્યાસ કરો. ભકતો હૃદયમાં ધ્યાન ધરે છે. રાજયોગી ત્રિકૂટી (જે મનનું સ્થાન છે.) માં ધ્યાન કરે છે. ત્યારે વેદાંતીઓ પરબ્રહ્મ પર મનને એકાગ્ર કરે છે. ત્રિકૂટી એ બંને ભ્રમર વચ્ચેનું સ્થાન છે. તમે નાકના અગ્રભાગ પર, નાભિમાં કે મૂળાધાર ચક્ર (કરોડના છેલ્લા મણકા નીચેનું સ્થાન)માં પણ મનને એકાગ્ર કરી શકો. જયારે નકામાં અસંબધ્ધ વિચારો મનમાં ઘૂસી જાય, ત્યારે તેમની પરવા કરો નહી આથી તે ચાલ્યા જશે. પણ બળજોરથી તેમને હાંકી કાઢવાનો પ્રયાસા કરો નહિ, આથી તો ઉલટા તેઓ હઠે ભરાશે અને સામો વિરોધ કરશે. આથી તમારી ઈચ્છાશકિત પરનો બોજો વધારશે ને બમણા વેગથી હલ્લો કરશે. માટે તેમને બદલે દિવ્ય વિચારોને સ્થાન આપો. આથી આ હલકા વિચારો ધીમે ધીમે પોતાની મેળે ચાલ્યા જશે. આમ એકાગ્રતાના અભ્યાસમાં ધીમે ધીમે પણ મકકમતાપૂર્વક આગળ વધો.

મનની ઝડપી ચંચળતાને અટકાવવા માટે એકાગ્રતા ખાસ જરૂરની છે. એકાગ્રતાથી મન એક જ રૂપ કે વસ્તુના ચિંતનમાં લાંબા સમય માટે સ્થિર થઈ શકે છે. મનને અનેક વસ્તુઓ પર ગુલાંટ ખાતુ અટકાવવા તેમજ તેની એકાગ્રતાની આડે આવતા અનેકવિધ વિઘ્નો દૂર કરવા એક જ વસ્તુ પર મનને સ્થિર કરવાનો સતત અભ્યાસ કરવો જોઈએ.વિષયી વિચારોને વિષયી ઈચ્છાઓનું વિરોધી તત્વ એકાગ્રતા છે. આનંદ એ ચિંતાનો વરોધી છે. એવી જ રીતે સ્થિર ચિંતન એ પણ ચિંતાનો વિરોધી છે. સક્રિય વિચાર એ પ્રમાદને સુસ્તીનો વિરોધી છે, ત્યારે આનંદનો ઉભરો ધૃણાનો વિરોધી છે. બાહ્ય પદાર્થો પર મનને એકાગ્ર કરવું સહેલું છે. કારણ કે મનમાં સ્વાભાવિક રીતે જ બહારના વિષયોમાં ભમવાનું વલણ રહેલું છે. માટે શ્રીકૃષ્ણ, રામ, નારાયણ, દેવ, ભગવાન, જીસસ વગેરેનું ચિત્ર તમારી દ્રષ્ટિ સમક્ષ રાખો અને મટકું માર્યા વગર તેના તરફ એકાગ્ર દ્રષ્ટિએ જુઓ. પ્રથમ મસ્તકને ધ્યાનપૂર્વક જુઓ, પછી શરીરને છેવટે પગને. આ ક્રમે આ ક્રિયાનું વારંવાર વાવર્તન કરો. જયારે તમારું મન શાંત થાય ત્યારે ફકત એક સ્થાને દ્રષ્ટિ રાખી આંખો બંધ કરો અને માનસિક ચિત્ર ખડું કરવાનો યત્ન કરો. આ અભ્યાસથી ચિત્રની ગેરહાજરીમાં પણ તેને તમારા મનમાં ખડું કરી શકશો. સંકલ્પ થતાં જ એક ક્ષણમાં માનસિક ચિત્ર નિર્માણ થઈ જવું જોઈએ. ત્યાર બાદ તે ચિત્રને થોડી વાર મનમાં સ્થિર કરો. આનું નામ એકાગ્રતા. આવો અભ્યાસ દરરોજ કરવાનો છે.

જો તમારા મનની એકાગ્રતાની શકિતને વધારવી હોય તો તમારી સાંસારીક ઈચ્છાઓ અને પ્રવૃતિઓને મર્યાદિત કરવી જ પડશે. તમારે રોજ નિયમિત રીતે થોડા કલાક મૌન પાળવું પડશે. તો જ મન સહેલાઈથી એકાગ્ર થઈ શકશે.

ધ્યાન વખતે તમારા મનરૂપી સરોવરમાં માત્ર એક જ વિચારરૂપી તરંગ હોવો જોઈએ. આથી મન માત્ર એક જ વસ્તુનું રૂપ ધારણ કરે છે ને મનની બધી બધી ક્રિયાઓ થંભી જાય છે.

# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



**શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય**

(૧૨૧) બત્રીસ લાખ જપ થશે તો વિદ્યાતાનાં લેખ પણ ભુંસાશે. પાપનો વિનાશ થશે.
(૧૨૨) રોજ એવી ભાવનાં રાખવી કે શ્રીકૃષ્ણ મારી સાથે જ છે.
(૧૨૩) પથારીમાં રાતે સુતા પહેલા હંમેશા પ્રેમથી જપ કરો.
(૧૨૪) એક વર્ષ સુધી વાણીથી જપ કરવા, ત્રણ વર્ષ કંઠથી જપ કરવા, ત્રણ વર્ષ પછીથી મનથી જપ થાય છે. એ પછી અજંપા થાય છે.
(૧૨૫) જેનું જીવન કેવળ ઈશ્વર માટે છે, તે કદાપિ સંગ્રહ ન કરે.
(૧૨૬) પ્રભુ દર્શન આપે તો પણ જપ છોડશો નહિ.
(૧૨૭) જીવનનાં છેલ્લા શ્વાસ સુધી જપ છોડો નહિ.
(૧૨૮) કિર્તનમાં સંસારનું ભાન ભુલાય તો આનંદ આવશે.
(૧૨૯) સંયમ, સદાચાર, સ્નેહ અને સેવા આ ગુણો સત્સંગ વગર આવતા નથી.
(૧૩૦) ભકિત વગરનું જ્ઞાન શુષ્ક છે, અને તે મરણ બગાડે છે.

# નિબંધ : મારી પ્રિય રમત – મોયદાંડી



મારી સૌથી પ્રિય રમત મોય – દાંડી છે. મને મોય રમવામાં ખુબ જ મજા આવે છે. મોય – દાંડીને હિન્દી ગલી–દંડા કહેવાય છે.

પણ હવે કોઈ પણ આવી રમતો રમતા નથી. પણ આવી રમતો અત્યારે પણ કયાંક કયાંક રમે છે. આ મોય–દાંડી મેદાનમાં રમવાની રમત છે.

મોય–દાંડી ના સાધનો એક દોંડો અને એક નાનું લાકડું જ બન્ને બાજુથી અણિદાર હોય.

આ રમતમાં પહેલા એવું સ્થાન ગોતવાનું છે કે ત્યાં મોય સરખી રહી શકે તેનાં માટે ગબી બનાવવી પડે. ગબી એટલે દાંડી વડો નાનો જમીનમો જરાક ખાડો આ રમતમાં દાંડા વડો મોય ઉછોળવાની હોય અને પછી સરખો ઘા મારવાનો હોય જયાં સુધી મોય દુર જાય ત્યાં વાણિયા (પોઈન્ટ) ગણવાનો યોઈન્ટ દાંડા વડે ગણવાનાં હોય છે. જો પોઈન્ટ માંગ્યા હોય તેટલા જ નિકળે તો એટલા યોઈન્ટ તમારા અને જો તેટલા જન હોય તો તમારા પોઈન્ટ બળે. આ રમત નિકિચત સંખ્યા જેમકે ૫૦, ૧૦૦.... વગેરે જેને તેટલા પોઈન્ટ થાઈ પાકી જાય એટલે જીતી જાય અને છેલ્લે વડે તેની ઉપર દા આવે દા કેવી રીતે ભરવાનો એમ તમને થતું હસેને જો દામાં પણ દાંડોથી મોયને ઉછોળ ીને ઘા મારવાનાં હોય બે અને એક પણ રાખી શકાય જયા મોય પહોશે ત્યાં થી દાર ભરાવનારને સિધાન અને એક ઠેકડો ખાઈને લેવાનો અને દા લેનાર ગબીથી એક દોડાનં માય લઈ દોડો મુકી દેવાનો ત્યાં ત્યા હા દા ભરાવનારને ટિકારી લઈને દાંડાઓ મોટા અદારવાની હોય જો અડી જાય તો દા પુરો જો નો અડો તોઆ પ્રક્રિયા ચાલુ રહે છે. મોયદાંડી મો અલગ અલગ રીતે મારવાનાં ના ઘા હોય જેમ કે સિંગલ કટ તે મોદીડાથી માયવાનું ડબલકટ તેમાં મોયથી મારવાનું અને પિયલ કટ તેમો સુધીથી મો માયવાનું અને ઘાઘરા કટરેઓ પણ મોયથી માથવાનું હોય છે.

**– મકવાણા જય પી.**
**(૭–એ) રૂપાયતન,**
**અમરેલી.**

# વાર્તા રે વાર્તા : કોણ ચટે–ચોકલેટ કે ચીકકી ?

તે દિવસે શનિવાર હતો એટલે રીકુને અડધા દિવસની રજા હતી. એટલે તે ખુશ થાય એટલા માટે રામભાઈએ તેનાં માટે ચોકલેટ લીધી અને બીજા દિવસે રવિવાર હતો એટાલે રંજનબા નકોરડો રવિવાર કરતાં હતાં એટલે તેમને ઉપવાસમાં ખાવા માટે ચીકકી લીધી. ઘેર આવી તેમણે એ બંને વસ્તુ રંજનબાને આપી, અને રંજનબાએ વળી એ બંને વસ્તુ ફ્રીઝનાં દરવાજામાં જ સાથે સાથે મુકી અને રામભાઈને કહયું. જમવાનું તૈયાર થઈ ગયું છે. તો તમે હાથ – ધોઈ જમવા બેસી જાવ.

રામભાઈ જમવા બેઠા, પણ તેમને વિચિત્ર વિચિત્ર બરાડાનાં અવાજો સંભળાવા લાગ્યા.તેમને લાગ્યું કે કોઈક લડે છે.તેમણે રંજનબાને કહયું તો રંજનબા આજુબાજુ પણ બધે જોઈ આવ્યા, પણ આજુબાજુમાં તો કોઈ લડતું જ નહોતું. રામભાઈનું તો પુરૂ ધ્યાન જમવામાં જ હતું, છતાં જાણે કે વારે વારે તેમને એમ લાગતું હતું કે કોઈક ચોકકસ જ લડે છે.

આથી તે જમતા જમતા ઉભા થયા, ઘરમાં ચોફેર ફરી વળ્યા, પછી ફ્રીઝ પાસે આવી, કાન અડાડી સાંભળ વા લગ્યા, પછી ફ્રીઝ પાસે આવી, કાન અડાડી સાંભળવા લગ્યા, હા, ફ્રીઝમાંથી જ અવાજો આવતા હતા. તેમણે ફ્રીઝનું બારણું ખોલ્યું, તો દરવાજામાં જ ચીકકી અને ચોકલેટ ઝગડતા હતાં.

ચાલ હટ, મારાથી દુર ખસ, તારામાંથી તો સડેલી વાસ આવે છે. ચીકકી ચોકલેટને કહેતી હતી. તું તો કેવી ઉઘાડી છે ? છે તને વસ્ત્રો પહેરવાનું પણ કંઈ ભાન ? ચોકલેટ સામો જવાબ આપતી હતી.

અરે ! હું તો કેટલી ઉપયોગી છું. માણસજાત માટે ? મારામાં જ મગફળી કે તલ છે. તે પ્રોટીનનો ભંડાર કહેવાય છે ?

હું પણ બાળકોને ખુબ ભાવું છું. બાળકો મને હોંશે હોંશે ખાય છે. ચોકલેટ ગર્વથી બોલતી હતી.

ખાય તો છે પણ પછી તું જ તેમનાં દાંતની દુશ્મન બની જાય છે. તેમનાં દાંત સડી જાય છે.

એ તો વધારે ખાય તો નુકશાન પણ થાય, એટલે હું કંઈ નકામી ના કહેવાઉ.

મને તો વધારે ખાય તો પણ નુકશાન ના થાય. મારામાં રહેલો ગોળ તો આયર્નનો ભંડાર ગણાય. ચાલ ચાલ હવે દુર ખસ અહીંથી તારામાં તો માંસ અને ચરબીની વાસ આવે છે. આ બધું રામભાઈ ઘડીભર તો સાંભળી રહયાં, પછી જોરથી બૂમ પાડી, બંધ કરો આ લડવાનું તમે લોકો ખોટેખોટાં એકબીજા ઉપર આક્ષેપબાજી કરવાનું બંધ કરો, નહીંતર બંનેને એકસાથે જ મારા ફ્રીઝમાંથી કાઢી અને ડસ્ટબીનમાં ફેંકી દઈશ..." ત્યારે બંને એ લડવાનું બંધ કર્યુ. રામભાઈ આગળ બોલ્યા," તમે બંને ઉપયોગી છો, બંન્ને પોતપોતાનાં સ્થાને મહત્વનાં જ છો, બાળકોને ચોકલેટ ખુબ ભાવે છે. તો એ વાત પણ સાચી છે. કે વધારે ચોકલેટ ખાવાથી શરદી–ખાંસી થાય અને દાંત સડી જાય, એટલે કંઈ એની ઉપયોગિતા ઓછી ના થઈ જાય. ચીકકી ઉપવાસમાં ઉપયોગી છે. દરેકે બીજાનાં ગુણ જોવા જોઈએ નહીં કે દોષ, તો જ જીવન સુખી બંને, ચાલો બંને એકબીજાને ભેટી ફરી આવી ભુલ નહી કરો એવું પ્રણ લો.." ચીકકી અને ચોકલેટ દરવાજામાં જ એકબીજાની નજીક સરી ગયા..

**મોકલનાર : અર્જુનસિંહ કે. રાઉલજી**

# જ્ઞાનમંજરી


**શબ્દ દેહ બક્ષતા શિલ્પીઓ**

(૪૧) ગુજરાતમાં સૌથી વધુ પ્રકાશન સંસ્થા કઈ છે ? – નવનીત પબ્લિકેશન્સ
(૪૨) ગુજરાતમાં સૌથી ઉંચુ પર્વતશિખર કયું છે. – ગોરખનાથ (દત્તાત્રેય) – ગિરનાર
(૪૩) ગુજરાતમાં અમદાવાદનું ક્ષેત્રફળ ચો.કિ.મી.માં કેટલું છે ? – ૮.૦૮૭
(૪૪) શ્રીમદ્ રાજચંદ્રને કયુ બિરૂદ મળ્યું હતુ. ? – 'સાક્ષાત સરસ્વતી'
(૪૫) સદાવ્રત શરૂ કરનાર સંતનું જન્મસ્થળ કયું છે ? – વીરપુર
(૪૬) ગુજરાતી સાહિત્યમાં ખંડકાવ્ય રચનાર કવિ કોણ છે ? – મણિશંકર રત્નજી ભટ્ટ
(૪૭) મણિશંકર રત્નજી ભટ્ટનું ઉપનામ શું છે ? – 'કાન્ત'
(૪૮) હાસ્ય નવલ "ભદ્રંભદ્રં" લખનાર સર્જક કોણ છે ? – રમણભાઈ નીલકંઠ
(૪૯) ગુજરાતી ભાષા સાહિત્યનો પરદેશી પ્રેમી સર્જક કોણ ? – અલેકઝેન્ડર ફાર્બસ
(૫૦) કનૈયાલાલ મુનશીનું ઉપનામ શું છે ? – સ્વપ્નદ્રષ્ટા.

# ગુજરાતી ભાષામાં આને શું કહેવાય ?

(૧) અ, અં, આ, આં, ઈ, ઈ, ઉ, ઊ, એ, ઓ, ઔ, ઓં ..............................
(૨) ક, ખ, ગ, ઘ, ચ, છ, જ, ઝ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, પ, ર, લ, વ, શ, પ, સ, હ, ળ ..........................................

# ઘાબાજરીયું : એક વનસ્પતિ



ઘાબાજરીયું એક કે એક કરતા વધુ વર્ષનું આયુષ્ય ધરાવતી, પાણી–કિનારાના છીછરા પાણીમાં ઉગતી, અને દેખાવમાં ઘાસ જેવી લાગતી વનસ્પતિ છે. ઉંચાઈમાં તે દોઢથી બે મીટર જેટલી વધી શકે છે અને તેના પાન ૫ થી ૧૨ મીલીમીટર પહોંળા થાય છે. નર અને માલા કુલ કેજ ડાળખી ઉપર લાગે છે અને થોડા વખતમાં નર ફુલો ખરી ગયા પછી ડાળખી ને છેડે એક ટૂંકો અણીયાળો ભાગ બાકી રહી જાય છે. જયારે નીચેનું માદા ફૂલ (જે ડૂંડા જેવું દેખાય છે) ૧૦ થી ૪૦ સેન્ટીમીટર જેટલુ લાંબુ અને ૧ થી ૪ સેન્ટીમીટર જેટલું પહોળુ થાય છે જેમાંથી લગભગ ૦.૨ મીલીમીટર લંબાઈના રેષાવાળ ા બીજ હવામાં ફેલાઈને છોડનો ફેલાવો કરે છે. આ છોડના માદા ફૂલ (અથવા ડૂંડા જેવા ભાગ)માંથી નીકળતો રૂ જેવો પદાર્થ શરીર પર પડેલા ઘા પર જલ્દી રૂઝ લાવવા માટે બહુ અસરકારક ગણાય છે અને એથીજ આ વનસ્પતિને આવું નામ આપવામાં આવ્યું છે.

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## ટીમ ટીમ ટીમ.... તારો કે દીપ જલે !

ઉનાળો સ્વભાવે આકરો, પણ ગ્રીષ્મની શીતળ –સોહામણી–રમ્ય રાત્રિની રંગત જ ઓર.... રાત્રે આકાશ સાથે ગોઠડી માંડવાની ઋતુ... ઝગમગ ઝગમગ તારલા સંગાથે દોસ્તી કરવાનો સમય, પરિવાર સાથે મોજ મસ્તી માણવાનો વખત... કેટલાક ઉનાળ ાની રાત્રે સીધા ધોરવા માંડે, તો કોઈ કુંટુબ ગોષ્ઠિ કરે, સ્નાન– વિશુદ્ધ થઈ ગ્રંથ – સંગ કરે, આવતીકાલનું આયોજન વિચારે, આવા લોકો જ બીજા દિવસે પોતાનાં કામમાં 'ટવીંકલ ટવીંકલ લીટલ સ્ટાર' બનતા હોય છે, ને બાકીનાં કામનાં સ્થળે 'ધક્કા' જ ખાતા હોય છે ! ઉનાળ ાની રાતનું એકાંત જાત સાથે વાત માંડવાનો અલખનો ઓટલો – વિચારની ધુણી ધખાવતા આવડે તો !

# પ્રવાસ : ભોપાલ

**લક્ષ્મીનારાયણ મંદિર :** બિરલા મંદિરનાં નામથી વિખ્યાત આ લક્ષ્મીનારાયણ મંદિર અરેરા પહાડીઓની નજીકમાં બનેલા સરોવરની દક્ષિણ દિશામાં આવેલું છે. મંદિરની નજીકમાં જ એક સંગ્રહાલય બનાવવામાં આવેલું છે. આ સંગ્રહાલયમાં મધ્ય પ્રદેશ રાજયમાં આવેલા રાયસેન, સેહોર, મંદસૌર અને સહદોલ વગેરે સ્થળો પરથી લાવવામાં આવેલી મૂર્તિઓ રાખવામાં આવી છે. આ મુર્તિઓમાં શિવ, વિષ્ણું અને અન્ય અવતારોની પત્થરમાંથી બનેલી મૂર્તિઓ જોવા મળે છે. મંદિરની નિકટ બનાવવામાં આવેલું આ સંગ્રહાલય સોમવારનાં દિવસે બંધ રહે છે. અને બાકીનાં દિવસોમાં દરરોજ સવારનાં ૯ વાગ્યાથી સાંજનાં ૫ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લું રહે છે.

**ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય :** આ અનોખું સંગ્રહાલય શામલાની પહાડીઓ પર ૨૦૦ એકર જેટલા ક્ષેત્રમાં ફેલાયેલું છે. આ ઈંદિરા ગાંધી રાષ્ટ્રીય માનવ સંગ્રહાલયમાં ભારત દેશનાં વિભિન્ન રાજયોની આદિવાસી જનજાતી સંસ્કૃતિની ઝલક જોઈ શકાય છે. આ સંગ્રહાલય જે સ્થાન પર બનાવવામાં આવેલું છે, એ સ્થાન પ્રાગૈતિહાસિક કાળ સાથે સંબંધિત માનવામાં આવે છે. સોમવાર તેમજ રાષ્ટ્રીય રજાઓ સિવાયનાં દિવસોમાં આ સંગ્રહાલય દરરોજ સવારનાં ૧૦ વાગ્યાથી સાંજનાં ૫ વાગ્યા સુધી મુલાકાતીઓ માટે ખુલ્લુ રાખવામાં આવે છે.

**ભીમ બેટકાની ગુફાઓ :** દક્ષિણ ભોપાલની ૪૬ કિ.મી. જેટલી દુર આવેલી ભીમ બેટકાની ગુફાઓ પ્રાગૈતિહાસિક કાળનાં ચિત્રકામ માટે લોકપ્રિય છે. આ ગુફાઓ ચારે તરફથી વિધ્યાંચળની પર્વતમાળાઓથી ઘેરાયેલી છે.જેનો સંબંધ નવાપાષાણ કાળ સાથે રહેલો છે. આ ગુફાઓની અંદર બનાવવામાં આવેલા ચિત્રો ગુફાઓમાં રહેવાવાળા પ્રાગૈતિહાસિક કાળનાં જીવનનું વિવતરણ પ્રસ્તુત કરે છે. અહીંયાની સૌથી પ્રાચીન ચિત્રકારીને ૧૨ હજાર પુર્વનાં સમયની માનવામાં આવે છે.

**(મોકલનાર : અર્ચિતા જોષી)**

# બાળગીત

પગમાંા જુના જુતા પહેરી
પંડિત ચાલ્યા જાય છે
મુળા જેવી મુછ એની ગાગર
જેવું પેટ એનું
આંખો ઉપર ચશ્મા પહેરી,
પંડિત ચાલ્યા જાય છે.
પગમાં......
આંબા ઉપર કેરી દેખી
પંડિત લેવા જાય છે.
તડાક કરતો કુદકો મારી
તોય પડી જાય છે
લડાક કરતી કેરી પડી
ટાલમાં અથડાય છે.
પગમાં જુના......
આકાશમાં એરોપ્લેન દેખી,
પંડિત જોવા જાય છે.
આમ તેમ ફાંફા મારી
ગધેડે અથડાય છે.
પગમાં જુના......

**નામ : મિરલ જોષી**
**(ધો.૬) શાળા :**
**રૂપાયન, અમરેલી.**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# જાણવા જેવું


(૧) વાઘ પાણીમાં ૬ કિ.મી. સુધી તરી શકે છે.
(૨) વાઘનું વજન ૩૩૬ કિલો હોય છે. અને તેની લંબાઈ ૧૩ ફુટ હોય છે.
(૩) જંગલ રહેતા વાઘ ૧૦ વર્ષ જીવીત રહે છે અને ઝુ માં રહેતા વાઘ ૨૦ વર્ષ જીવીત રહે છે
(૪) વાઘ ૪૦ કિલો જેટલું માસ ખાય છે.
(૫) ડ્રેગન ફુલાય નો જીવનકાળ માત્ર ૨૪ કલાકનો જ હોય છે.
(૬) મગરમચ્છ ને ૨૪ દાંત હોવા છતાં તે પોતાની શિકાર ચાવતો નથી પરંતુ તેને ગળી જાય છે.
(૭) સિંહ બધા જાનવરોમાં સૌથી વધારે ઉઘ લે છે તે લગભગ ૨૦ કલાક ઉઘે છે.
(૮) સિંહનું વજન ૩૦ કિલ્લો જેટલું હોય છે.
(૯) સિંહના મોઢામાં લગભગ ૨૬ જેટલા દાંત હોય છે.
(૧૦) સિંહની ત્રાડ ૮ થી ૧૦ કિમી સુધી સંભળાય છે.
(૧૧) પતંગિયામાં એક એવી પ્રજાતી છે. જે ખુબ જ ઝેરી છે. તે પોતાનાં ઝેરથી ૬ બિલાડીને મારી શકે છે.
(૧૨) બ્લુ વ્હેલ પોતાનાં ફેફસામાં ૫૦૦૦ લીટરથી વધારે લોહી સંગ્રહ કરી શકે છે.
(૧૩) પાંડા જન્મ સમયે ઉંદર થી પણ નાનો હોય છે.ા તે ૨ વર્ષ પછી મોટો થઈ જાય છે.
(૧૪) કુતરામાં ૭ પ્રકારનાં બ્લડ ગ્રૃપ હોય છે.
(૧૫) દેડકો પાણી પી શકતો નથી. તે પોતાની ચામડી દ્વારા પાણી શોષે છે.
(૧૬) બતક પોતાની ડોક ચલાવ્યા વગર ચાલી શકતી નથી.
(૧૭) મરઘી વધુમાં વધુ ૧૩ સેકન્ડ સુધી ઉડી શકે છે.
(૧૮) જીરાફની ડોકમાં ૭ હાડકાં હોય છે. જે તેને તેનાં શરીરને સંભાળવામાં મદદ કરે છે.

**નામ : સોલંકી માનવ સુરેશભાઈ (ધોરણ–૫–બ)**


# આ મારું ચિત્ર છે



ચાવડા હિમાંશી હરેશભાઈ
(ધોરણ–૩, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)




કાવ્યા વિનુભાઈ નિમાવત
(ધોરણ–૭–શ્રી પાણિયા, પ્રા.શાળા, તા.જિ.અમરેલી)



રાઠોડ વનક્ષી રસિકભાઈ
(ધોરણ–૩, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)



સોલંકી ધ્રુવિ જયસુખભાઈ
(ધોરણ–૩, રૂપાયતન પ્રા.શાળા, અમરેલી)

# જાફરાબાદની તાલીમ સંસ્થા ખાતે પીઆઈ દ્વારા તાલીમ કાયદા અંગે માર્ગદર્શન અપાયું







તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદમાં જી.એચ.સી.એલ. સ્કીલ તાલીમ સંસ્થા ખાતે જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનનાં પી.આઈ. દેસાઈની સાથે મહિલા પોલીસ દ્વારા જી.એચ.સી.એલ. સ્કીલ તાલીમ સંસ્થાનાં તાલીમાર્થી બહેનોની મુલાકાત કરવામાં આવી હતી. પી.આઈ. દેસાઈ અને તેમની ટીમ દ્વારા સાયબર સુરક્ષા, મહિલા સુરક્ષા અને ટ્રાફિક જાગૃતિને લગતી જાણકારી તાલીમાર્થીઓને આપી હતી. આ તકે દેસાઈએ મહિલા સુરક્ષાને લઈને વિશેષ ભાર આપી મહિલાઓ મદદરૂપ થતાં વિવિધ કાયદાઓ પર વિસ્તૃત જાણકારી આપી હતી. તાલીમાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલ તમામ સવાલો પર વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. દેસાઈ દ્વારા સંસ્થામાં ચાલતી પ્રવૃતિઓને બિરદાવી તાલીમાર્થીઓને પણ બિરદાવ્યા હતા. સંસ્થાનાં આચાર્ય ચિંતનભાઈ ઠાકર દ્વારા સંસ્થા ખાતે આવેલ સમગ્ર પોલીસ ટીમની આભારવિધિ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં જી.એચ.સી.એલ. લીમીટેડનાં અધિકારી અયુબભાઈ દરબાન ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા જી.એચ.સી.એલ. સ્કીલ તાલીમ સંસ્થાનાં તમામ કર્મચારીઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમની આભારવિધિ શિક્ષકો દ્વારા કરવામાં આવી હતી કાર્યક્રમ રંગેચંગે પૂર્ણ થયો હતો.

## લીલીયાની વાઘણીયા પ્રાથમિક શાળા ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો



લીલીયા, તા. ૨૫

લીલીયા તાલુકાનાં વાઘણિયા પ્રાથમિક શાળા ખાતે ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ તકે વાઘણિયા ગામનાં સરપંચ બાલાભાઈ પડસારીયાનાં વરદ્દહસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. ત્યારબાદ શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં દાતાઓ દ્વારા શાળાનાં પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતાં. વર્ષ ૨૦૨૨–૨૩નાં વર્ષનાં શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે શેલાર નિયતિ અશોકભાઈને શાળા પરીવાર તરફથી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.આ તકે શાળાના શ્રેષ્ઠ શિક્ષક વિપુલભાઈ કોટડીયાને સન્માનપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમમાં શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરી વાતાવરણને દેશભકિતમય બનાવી સૌને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા.કાર્યક્રમને દીપાવવા માટે મેહુલભાઈ સોજીત્રા અને ભરતભાઈ શિંગાળા ખાસ સુરતથી વતનમાં હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી. આ તકે ભરતભાઈ શેલડીયા, વિજયબાપુ અગ્રાવત, યોગેશભાઈ શેલડીયા, ચેતનભાઈ દેલવાડીયા, બટુકભાઈ દેલવાડીયા તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાનાં આચાર્ય મનસુખલાલ મેવાડા, મનિષાબેન ચત્રોલા, પૂર્વીબેન ધામત, મંજુલાબેન નારીયા, વિપુલભાઈ કોટડીયા, ભરતભાઈ પરમાર વગેરે દ્વારા જહેમત ઉઠાવી હતી. તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

## બાબરા : ઈશ્વરીયામાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી ઝડપાયા



અમરેલી, તા. ૨૫

બાબરાના ઈશ્વરીયા ગામે જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા કુલ ૫ ઈસમોને રોકડ રૂપિયા ૧૦,૩૩૦ નાં જુગાર લગત મુદ્દામાલ સાથે પકડી પાડતી બાબરા પોલીસ સ્ટેશન ટીમ.

અમરેલી જીલ્લામાં દારૂ જુગારની પ્રવૃત્તિને નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા જિલ્લા પોલીસ વડા તરફથી સુચના આપવામાં આવેલ, જેના પરીણામલક્ષી કામગીરી કરવામાં આવી ગુન્હાહિત પ્રવૃતિ કરતાં ઈસમોને ઝડપી પાડવા પોલીસ ઈન્સપેકટર બાબરા પોલીસ સ્ટેશનનાં સુચના અને માર્ગદર્શન નીચે બાબરાનાં જામબરવાળા આ.પો.નાં ઈન્ચાર્જ ભરતભાઈ પી.ડોડીયા તથા સ્ટાફે બાબરાના ઈશ્વરીયા ગામે જાહેર શેરીમાં હારજીતનો જુગાર રમતા હકુભાઈ ટપુભાઈ નાવડીયા સહિત ૫ ઈસમોને રોકડા રૂપીયા ૧૦,૩૩૦ નાં મુદ્દામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધ બાબરા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ ૧૨ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### પાના ૧ ઉપરનું ચાલુ અમરેલીનાં મોટા આંકડીયા ગામનાં

મૃતદેહનુ રેસ્કયુ કરી પોસ્ટમોર્ટમ અર્થે તાલુકા પોલીસને સોંપેલ હતું. આ કામગીરી કરનાર ફાયર સ્ટાફના કૃષ્ણભાઈ ઓળકિયા, સવજીભાઈ ડાભી, ભગવતસિંહ ગોહિલ, સનીદાન ગઢવી, પાર્થદાન ગઢવી, હર્ષપાલસિંહ ગઢવી, ધવલભાઈ ચાવડા, જગદીશભાઈ ભુરિયા વિગેરેએ કામગીરી કરી હતી.

### પાના ૧ ઉપરનું ચાલુ લીલીયા મોટા પંથકમાં થોડા દિવસોનાં

આવે છે. પોતાનાં મન માનીતા અને પોતાની ભાગીદારી ના વાહનો રેતી ચોરી કરતા હોય તેમને છુટો દોર આપીને ખુલ્લે આમ ચોરી કરાવી રહયા છે. હાલ પોલીસ તંત્રનાં સી.સી.ટી.વી. કેમેરા લાગેલ છે જેમાં પુંજાપાદર, નાના લીલીયા ચોકડી, ઈંગોરાળા અને લીલીયા ગામે અમરેલી રોડ રિલાયન્સ પંપનાં કેમેરા છેલ્લા ૧૦ દિવસ બેકઅપ લેવામાં આવે અને તપાસ કરવામાં આવે તો ટ્રક નંબર સહીત તમામ જાણકારી મળી શકે તેમ છે.

આમ છતાં તંત્ર દ્વારા દિન–૧૫ કોઈ કાર્યવાહી નહી કરે તો ગામ લોકોને સાથે રાખીને નદીઓમાં જનતારેડ અને કચેરીઓમાં ઘેરાવો કરવામાં આવશે. તેમ અંતમાં જણાવેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલુ બાબરાનાં રાણપુર ગામનાં ઈસમની

પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ તા. ૨૪/૮ નાં રોજ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાબરા તાલુકાનાં રાણપર ગામ નજીક રાણપર ગામની સીમમાં રહેતા પહાડસિંહ વેસ્તાભાઈ વાસ્કલ એક દેશી હાથ બનાવટનો તમંચો (અગ્નિશસ્ત્ર) કિંમત રૂપિયા ૨,૫૦૦ તથા લોખંડનાં કાર્ટીજ નંગ –૨ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન, રૂપિયા ૫,૦૦૦ તથા એક મોટર સાયકલ નં.એમ.પી.– ૬૯–જેડએ– ૦૭૪૫ કિ.રૂા. ૪૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૪૭,૫૦૦ નાં મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે. અગ્નિશસ્ત્ર સાથે પકડાયેલ ઈસમ વિરૂધ્ધ આર્મ્સ એકટ હેઠળ કાર્યવાહી કરી, આરોપી તથા મુદ્દામાલ સાથે વધુ તપાસ અર્થે બાબરા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલુ બગસરા પાલિકાની સામાન્ય સભામાં

માલિકને પરત આપવાના મુદ્દે તડાપીડ બોલી હતી અને શાસક સહિત આઠ વિપક્ષોએ હલ્લાબોલ કરતા આગળની કાર્યવાહી ન થતા પ્રમુખ સહિત ૧૦ સભ્યો તથા ચીફ ઓફિસર સહિતના અધિકારીઓ રવાના થયા હતા. ચીફ ઓફિસરને મળીને બાકીના મુદ્દાઓ અંગે પૂછતા તેમણે જણાવેલ કે અધ્યક્ષ સ્થાનેથી જે નિર્ણય લેવાય તે માન્ય ગણાશે.

આ અંગે પાલિકા પ્રમુખને પૂછતા બાકીના મુદ્દાઓનું શું ? ત્યારે પ્રમુખે જણાવેલ કે, રોડ, વગર ગટર માટે ઈ મોટર, રહેમરાહે સફાઈ કર્મચારીની નિમણૂંક, મેઘાણી હાઈસ્કૂલના કર્મચારીને ઉચ્ચતર વેતન, પેન્શન કોન્ટ્રાક્ટરોને મુદત વધારવા, જીએસટી માટેની કન્સલ્ટની નિમણૂંક, આંગણવાડી માટે જગ્યા ફાળવવા, લેબરકોર્ટની નિમણૂંક સહિતના મુદ્દાઓ નિયમ મુજબ મંજુર કરવામાં આવ્યા છે. નગરપાલિકાના ઉપપ્રમુખ રાજુભાઈ ગીડાને પત્રકારોએ પૂછતા તેણે જણાવેલ કે પાંચ મુદ્દો ગર્લ્સ હાઈસ્કુલનો છે તે રદ કર્યો છે હવેથી તે મુદ્દો લેવામાં આવતો નથી તેમ જણાવેલ હતું.

### પાના ૧ ઉપરનું ચાલુ અમરેલીનાં વડેરા ગામેથી

સયુંકત ટીમ દ્વારા ચોક્કસ બાતમીના આધારે અમરેલી તાલુકાના વડેરા ગામમાં મયુરભાઈ સાવલીયા તથા કિર્તીભાઈ જોષીની તપાસ હાથ ધરતાં તેમની પાસે મેડિકલ કાઉન્સલીંગનું કોઈપણ પ્રકારનું રજીસ્ટ્રેશન, ડીગ્રી કે લાયકાત વગર દર્દીઓના આરોગ્ય સાથે છેડા કરી માનવ જીંદગીને જોખમમાં મુકતા હોવાનુ જણાઈ આવેલ તેમજ ટીમને ચર્ચ ઓપરેશન દરમિયાન અહીંથી એલોપેથિક દવાઓ, શિડયુલ એચ ડ્રગ, સ્ટેથોસ્કોપ, બીપી મશીન, ઈન્જેકશનો સહિતની બાવન પ્રકારની દવાઓ અને સાધનો જોવા મળેલ જે કાયદાકીય રીતે ડિગ્રીધારી તબીબ જ રાખી શકે.

પોલીસ અને આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર આવા બોગસ તબીબો ગ્રામ્ય વિસ્તારોમા દર્દીઓને સસ્તી સારવાર આપવા સાથે સ્થાનિકોમાં વિસ સંપાદિત કરી પોતાની હાટડીઓ ચાલુ રાખવામા સફળ રહેતા હોય છે. માટે લોકો દ્વારા જાગૃતતા કેળવી જો આવા બોગસ ડોકટરો વિશે સ્થાનિક લોકો દ્વારા રજુઆત કરવામાં આવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે.

## તેરી મહેરબાનીયા, તેરી કદરદાનીયા

## ઈનટરનેશનલ ડોગ ડે : મનુસ્યનો સૌથી વફાદાર મિત્ર એટલે કુતરો

### કુતરા એટલે વિનામૂલ્યે ઝેડ પ્લરી સિકયોરીટી આપનારા પ્રાણી

અમરેલી, તા.૨૫

કૂતરાએ માણસોની સૌથી નજીક રહેતા પશુઓ છે. તેઓ માણસોને કાયમ વફાદાર રહે છે. કૂતરા એ માણસની ભાવનાઓને સારી રીતે સમજવાની ક્ષમતા ધરાવે છે. તેમની આ જ વફાદારીને મનાવવા માટે ૨૬ ઓગસ્ટે 'વર્લ્ડ ડોગ ડે' મનાવવામાં આવે છે. માણસના સૌથી પ્રિય મિત્ર તરીકે જાણીતા કૂતરાએ મનુષ્ય સાથે બિનશરતી પ્રેમ કરે છે.

ઈન્ટરનેશનલ ડોગ ડે મનાવવાનું ચલણ ૨૦૦૪માં અમેરિકાની કોલિન પેજ એ કર્યુ હતું. તે સંરક્ષણવાદી, પશુ બચાવ અધિવકતા, ડોગ ટ્રેનર અને લેખિકા છે.આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ એ હતો કે દરેક નસ્લના કૂતરાઓને સાચવવા માટે લોકો આગળ આવે. પ્રથમ આંતરરાષ્ટ્રીય ડોગ ડે ૨૬ ઓગસ્ટ, ૨૦૦૪નાં રોજ મનાવવામાં આવ્યો હતો. ૨૦૧૩ થી ડોગ દિવસને માન્યતા મળી અને દરેક દેશોમાં આ દિવસ મનાવવાની શરૂઆત થઈ. કોલિન પેજ એ ૨૬ ઓગસ્ટને જ ડોગ ડે તરીકે એટલે પસંદ કર્યુ કારણ કે આ તારીખે તેમના પરિવાર એ પોતાના પહેલા કૂતરા 'શેલ્ટી'ને એક પશુ આશ્રયગૃહમાંથી લાવીને અપનાવ્યું હતું. કેલીન પેજ ઘણા અન્ય નેશનલ દિવસો જેવા કે પપ્પી ડે,નેશનલ કેટ ડે, નેશનલ વાઈલ્ડ લાઈફ ડેના સંસ્થાપક પણ છે.

કૂતરા અને વ્યક્તિના સંબંધમાં કેટલાય પ્રકારની શોધ થતી રહી છે.વૈજ્ઞાનિકોને શોધમાં જાણવા



મળ્યું છે કે કૂતરાં પાળવાથી વ્યક્તિની ફિઝિકલ એકિટવિટી વધે છે. જેના કારણે આબેસિટી અને ડાયાબિટીસ થવાનું જોખમ પણ ઘટી જાય છે. આ જ કારણ છે કે કૂતરાં મનુષ્યના સારા મિત્ર હોય છે. મનુષ્યોમાં મિત્રતા પાછળ હંમેશા કોઈને કોઈ સ્વાર્થ તો હોય જ છે, પરંતુ કૂતરા કોઈ પણ બાબતે સ્વાર્થી નથી હોતા. કૂતરા નિસ્વાર્થ ભાવથી પોતાના માલિકને પ્રેમ કરતાં હોય છે અને તેના બદલે માલિક પાસેથી પણ માત્ર પ્રેમની જ આશા રાખતા હોય છે. કોઈ પણ સંકટ અથવા મુશ્કેલ સમયમાં કૂતરા પોતાના માલિકનો જીવ બચાવવા માટે પોતાનો જીવ ગુમાવવા માટે પણ તૈયાર હોય છે. કૂતરા આંખો જોઈને માણસોના હાવભાવ ઓળખી લેતા હોય છે.૧ વર્ષની ઉંમરનો કૂતરો એટલો મોટો હોય છે જેટલો ૧૫ વર્ષનો એક બાળક હોય અને કૂતરા ૨ વર્ષના બાળક જેટલા સમજદાર થઈ શકે છે અને તેઓ ૧૫૦ શબ્દ પણ શીખી શકે છે. કૂતરાની સૂંઘવાની શક્તિ પણ માણસથી સુંઘવાની શક્તિ કરતા ૧૦૦૦ ગણા વધારે હોય છે. માદા કૂતરીઓ પોતાના ગર્ભમાં ૬૨ દિવસ બાળકોને રાખે છે. 'કૂતરાથી સાવધાન' એવી ચેતવણી પ્રાચીન રોમના એક શહેરના દરવાજા પર સૌ પ્રથમ વાર લખેલી મળી હતી.

કૂતરાઓનું પ્રાચીન કાળથી જ અનેરૂ મહત્વ છે. આપણા પૂર્વજો એમ કહેતા કે પહેલી રોટલી ગાયની અને બીજી રોટલી કૂતરાની. જેનો અર્થ હતો કે કૂતરા ફ્રીમાં ઝેડ પ્લસ સિકયોરિટી આપે છે તેથી તેમનું રક્ષણ, પોષણ કરવું એ આપણી જવાબદારી છે. મહાભારતનાં સમયમાં યુધિષ્ઠિર જયારે પોતાના ભાઈઓ અને પત્ની દ્રોપદી સાથે સ્વર્ગ સુધી જઈ રહ્યા હતા ત્યારે ભાઈઓ અને પત્નીનાં મૃત્યુ બાદ કૂતરો જ હતો જે પહેલેથી અંત સુધી એમની સાથે રહ્યો હતો. ૮૪ લાખ યોનિના ફેરાઓમાં કૂતરાનો જન્મ એ છેલ્લો જન્મ કહેવાય છે. વર્તમાન સમયમાં તો કૂતરા પર ફિલ્મો પણ બનવા લાગી છે. ૭૭૭ ચાર્લી શ્વાનની વફાદારી પર બનેલી ફિલ્મ ઘણી ચર્ચાયેલી છે. પાલતું કૂતરાઓની સાથે સાથે શેરી,ગલીમાં રખડતા કૂતરાઓને પણ એટલું જ મહત્વ આપવું જોઈએ કારણ કે એ તો કોઈ પણ પ્રકારનું વળતર લીધા વગર સતત સ્કીયોરીટી ગાર્ડની ભૂમિકા ભજવે છે. સ્ટ્રે ડોગ્સને પણ પાલતું કૂતરાઓની જેમ જ સાચવીને તેમને દરરોજ દૂધ અને રોટલા ખવડાવવા જોઈએ.દ્દ મનુષ્યનો સૌથી વફાદાર મિત્ર એટલે કૂતરો દ્દ તેરી મહેરબાનીયા, તેરી કદરદાનીયા, કુરબાન તુજપે મેરી કઈ ઝીન્દગાનીયા, દ્દ કૂતરા એટલે ફ્રી માં ઝેડ પ્લસ સીકયોરિટી આપનાર પ્રાણીઉ

– મિત્તલ ખેતાણી

(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

### પાના ૮ ઉપરનું ચાલુ ગુંદરણનાં ડબલ મર્ડર કેસનાં આરોપી

૩૦૨ વિગેરે મુજબના ગુનાના કામે ભાવનગર જેલ ખાતે કાચા કામના કેદી સલીમભાઈ અબ્દુલભાઈ દલ, રહે. પાલીતાણા, (મુળ રહે. ગુંદરણ, તા. લીલીયા) નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તા. ૧૭/૧૧/૧૬ ના રોજ વચગાળાના જામીન ઉપર મુકત થયેલ હોય અને તે કેદીને તા. ૧૯/૧૧/૧૬ના રોજ ભાવનગર જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ તે ભાવનગર જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હોય, મજકુર કેદીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે આજ રોજ તા. ૨૫/૮/૨૩ ના રોજ પકડી પાડી,ભાવનગર જેલ હવાલે મોકલી આપેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૫૨ | ૧૪૭૫ |
| ૨ | શિંગ મોટી | ૧૩૦૦ | ૧૫૯૩ |
| ૩ | શિંગ મોટી નવી | ૮૪૭ | ૮૪૭ |
| ૪ | શિંગદાણા | ૧૩૫૦ | ૧૮૩૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૫૩૫ | ૧૭૩૫ |
| ૬ | તલ સફેદ | ૨૦૫૧ | ૩૨૫૧ |
| ૭ | તલ કાળા | ૨૬૦૦ | ૩૨૬૪ |
| ૮ | બાજરો | ૩૧૦ | ૩૫૭ |
| ૯ | જુવાર | ૫૦૧ | ૮૦૮ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૨૪ | ૫૬૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૩૧ |
| ૧૨ | મગ | ૯૦૧ | ૧૬૯૨ |
| ૧૩ | ચણા | ૬૫૦ | ૧૦૯૬ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૨૨૦૦ |
| ૧૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૯૪ |
| ૧૬ | નવો કપાસ | ૧૩૩૨ | ૧૫૪૦ |
| ૧૭ | એરંડા | ૭૦૦ | ૧૧૭૧ |
| ૧૮ | ધાણા | ૯૧૫ | ૧૪૭૦ |
| ૧૯ | અજમા | ૩૩૧૫ | ૩૩૧૫ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૪૦ | ૧૬૦૪ |
| ૨ | ઘઉં | ૪૦૬ | ૫૨૪ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૫૧ | ૧૪૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૫૧ |
| ૩ | શીંગ નવી | ૭૪૧ | – |
| ૪ | શીંગ દાણા | ૧૪૦૦ | – |
| ૫ | તલ સફેદ | ૨૭૫૦ | ૩૩૨૫ |
| ૬ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૫૦ |
| ૭ | જીરૂ | ૧૦૫૦૦ | ૧૧૧૫૦ |
| ૮ | કપાસ | ૧૦૫૦ | ૧૫૭૧ |
| ૯ | કપાસ નવો | ૧૦૦૦ | ૧૫૩૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૪૦ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૫૬૪ |
| ૧૨ | બાજરો | ૩૭૦ | ૪૪૬ |
| ૧૩ | જુવાર | ૫૫૦ | ૯૮૧ |
| ૧૪ | ચણા | ૯૫૦ | ૧૧૧૨ |
| ૧૫ | સફેદ ચણા | – | ૧૪૦૩ |
| ૧૬ | રાય | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૧૪૦૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૨૫ | ૧૫૪૧ |
| ૨ | બાજરો | ૪૪૦ | ૪૪૦ |
| ૩ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૭ |
| ૨ | ચણા | ૬૫૦ | ૧૦૭૦ |
| ૩ | લસણ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૪ | મેથી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૫ | સોયા | ૭૩૫ | ૯૦૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૬ | ૪૯૩ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૮ | ૫૧૧ |
| ૮ | તલ સફેદ | ૩૧૯૦ | ૩૨૧૦ |
| ૯ | શીંગદાણા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૧૦ | મગફળી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૧૧ | ધાણા | ૧૧૨૦ | ૧૨૭૦ |
| ૧૨ | રાય | ૮૨૫ | ૮૨૫ |
| ૧૩ | બાજરો | ૩૭૨ | ૪૦૨ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૩૨૨૫ | ૩૨૫૦ |
| ૨ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૪૩૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૯ | ૫૫૦ |
| ૫ | જુવાર | ૭૦૦ | ૧૧૦૦ |
| ૬ | સૂર્યમુખી | ૬૦૨ | ૬૦૨ |
| ૭ | ચણા | ૮૭૦ | ૯૫૦ |
| ૮ | શીંગદાણા | ૧૮૨૫ | ૧૮૨૫ |
| ૯ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |

# કપિલ

# આપણા ઋષિઓ...



સંપાદક : જર્નાદનભાઈ જે. જોશીપુરા



સૌજન્ય : હીમાબેન યાજ્ઞીક

'હે શૂરવીરો ! રહસ્યમય, દુર્બોધ, વિશુદ્ધ ભાગવતધર્મને જાણીને અમૃતમય તત્વને પ્રાપ્ત કરી લેવું જોઈએ. એ તથ્ય ભગવાન બ્રહ્મા, ભગવાન શિવ, દેવર્ષિ નારદ, સનકાદિ કુમાર, મહર્ષિ કપિલ, મહારાજ મનુ, ભકતરાજ પ્રહલાદ, મહારાજ જનક, શ્રી ભીષ્મજી, દૈત્યરાજ બલિ, મહામુનિ શુકદેવ અને હું – એમ બા અચાર્યો જાણીએ છીએ'' મહર્ષિ કપિલ દ્વારા એક જ વખત માતા દેવહૂતિને જે ઉપદેશ મળ્યો એ જ ભાગવતધર્મ છે, એ જ શાશ્વત, સનાતન છે અને ભારતીય દર્શનશાસ્ત્ર એના દ્વારા જ અદ્‌ભૂત અને આદરણીય છે.

કપિલમુનિના સમય વિશે મતમતાંતર તો છે જ. ઉદાત્ત વૈરાગ્યવિભૂતિ, જ્ઞાન અને પ્રજ્ઞાથી સભર એવા કપિલને કયાંક અગ્નિનો અવતાર માન્યા છે, તો કયાંક બ્રહ્માના પુત્ર તરીકે ઓળખાવ્યા છે.

કયાંક સાક્ષાત વિષ્ણુના પાંચમાં અવતાર કહયા છે. 'શ્વેતા શ્વરોપનિષદ'માં કપિલને હિરણ્યગર્ભના અવતાર માન્યા છે. 'મહાભારત'ના 'શાંતિપર્વ'ના ઉપપર્વમાં તેમને સાંખ્યના વકતા કહયા છે. 'રામાયણ'ના 'બાલકાંડ'માં કપિલયોગીને વાસુદેવના અવતાર અને સગરના સાઠ હજાર પુત્રોને ભસ્મસાત્ કરનાર આલેખ્યા છે,

તેથી જ તેઓ વૈશ્વાનર – અવતાર – અગ્નિપુત્ર તરીકે ઓળખાયા. વળી કપિલને ભગવાનના ચોવીસ અવતારોમાંના એક ગણાવ્યા છે. 'શ્રીમદ્ ભાગવત'માં કપિલને વિષ્ણુના અવતાર કહયા છે. 'બૌદ્ધાયન ધર્મસૂત્ર'ના જણાવ્યા મુજબ કપિલ પ્રહ્‌લાદના પુત્ર તથા અસુર હતા. 'હરિવંશપુરાણ' કપિલને વિતતના પુત્ર માને છે.

બૌદ્ધ કવિ અશ્વઘોષ પોતાના 'બુદ્ધચરિત'માં બુદ્ધની જન્મભૂમિ કપિલવસ્તુને તેની વાસમૂમિ તરીકે ઓળખાવે છે. શાકયો તેમ જ ગૌતમ બુદ્ધનું કપિલવસ્તુ નગર વસાવવાનું શ્રેય કપિલને છે.

બૌદ્ધ દાર્શનિક અને કાવ્યકાર અશ્વઘોષે પોતાના કાવ્યા 'બુધ્ધચરિત'માં ઈ.સ.ના પહેલા શતક દરમિયાન આ બાબતે વિસ્તારપૂર્વક ઉલ્લેખ કર્યો છે. તેમના મત કપિલમુનિ ગૌતમ બુદ્ધની પહેલા અથવા તો ઈ.સ. પૂર્વે છઠ્ઠાથી પાંચમાં શતક દરમિયાન થઈ ગયા. એવો પણ સંભવ છે કે કપિલમુનિ વેદકાળથી પહેલા થયા હોય, કારણ કે તમણે રચેલા 'સાંખ્યદર્શન'ના બીજ વેદોમાં મળે છે. તો વિદ્વાનોના મતે સૃષ્ટિના આદિકારણ ભગવાન નારાયણ જ સૌને ભવસાગર તરવાનો માર્ગ ઋષિ કે યોગેશ્વરસ્વરૂપે બતાવે છે.

ઉપરાંત તેઓ કેવળ પ્રાણીના જીવનના રક્ષક નથી, જ્ઞાન–વિજ્ઞાન અને સાધનોથી પોતાના ઉપદેશને તેઓ વિસ્તૃત કરે છે. પોતાના તપથી રક્ષા કરે છે. ભૃગુ, જમદગ્નિ, વિશ્વામિત્ર, વસિષ્ઠ, નર–નારાયણ, કપિલ, વ્યાસ વગેરે ભગવાનના આવા અવતાર– સ્વરૂપ છે.

અવતાર ગામે તે હોય, એક વાત નિશ્ચિત છે કે કપિલ 'શ્વેતાશ્વતર ઉપનિષદ'ના પાંચમાં અધ્યાયના બીજા મંત્રમાં કહયા પ્રમાણે જન્મજાત સિધ્ધ છે અને તેથી જ આ જ ઉપનિષદના છઠ્ઠા અધ્યાયના તેરમાં મંત્રમાં સાંખ્ય અને યોગ બંને દર્શનોનો પરિચય આપ્યો છે. **કપિલમુનિને સાંખ્ય દર્શનના પ્રણેતા માન્યા છે.**

''ઋગ્વેદ'ના છેલ્લા દિવસોમાં કપિલની પ્રસિધ્ધિ થઈ ગઈ હતી. 'ઋગ્દેવ'ના દસમા મંડળ માં કપિલ સંબંધી અને ઋચાઓ મળે છે. વેદમાં વર્ણન છે : ''દશાનામેકં કપિલં સમાનમ્ ।'' (ઋ.સં.૧૦–૪–૧૦) ત્યાર પછી ઉપનિષદકાળમાં કપિલની સ્તૃતિ છે. 'શતપથ બ્રાહ્મણ'માં પણ તેમનો ઉલ્લે છે. 'રામાયણ' 'મહાભારત' માં પણ તેઓ જણાયા છે. વૈદિક કાળના વસિષ્ઠ, અંગિરસ વગેરે તેમના સગાસંબંધી હતા. માંધાતાના જમાઈ સૌમદઋષિનું તેમણે વર્ણન કર્યુ છે.

રાજા ઉપરિચર વસુના યજ્ઞમાં બૃહસ્પતિ, 'તૈત્તિરિય ઉપનિષદ' રચ્યું છે તે તિત્તરઋષિ, ધૌમ્ય, રૈમ્ય, ધનુષ્ય, કણ્વ વગેરે ઋષિઓનો તેમને સમાગમ થયો છે. રામે રાવણવધના પશ્ચાત્તારૂપે સરયૂનદીના કિનારે અશ્વમેઘયજ્ઞ કર્યો ત્યારે કપિલઋષિની હાજરી નોંધનીય બની છે. પૃથુરાજાએ યજ્ઞ કર્યો ત્યારે પણ કપિલમુનિ ત્યાં હતા. આમ, વેદ, ઉપનિષદ, 'રામાયણ', 'મહાભારત', 'હરિવંશ', 'ભાગવત' સર્વમાં તેઓની હાજરીનો ઉલ્લેખ જોતા કહી શકીએ કે કપિલ અતિ દીર્ઘજીવી હતા. તેઓ પરમાયુ સિદ્ધયોગી જ હોવા જોઈએ. એમના મૃત્યુ વિશે કોઈ સ્પષ્ટ માહિતી મળતી નથી. અલબત્ત, 'મહાભારત'માં રહેલા કપિલસંવાદ, કપિલસૂત્ર રાશિસંવાદ અને સાંખ્યમાર્ગની પ્રશંસા થકી કપિલ આજે પણ જીવંત છે એમ કહી શકાય.

આત્મજ્ઞાન પ્રાપ્તિના ભૂખ્યા કપિલને શિવભકિતમાં અટલ શ્રદ્ધા હતી. પરમ વૈરાગ્યભાવ હોવાથી તેઓ ઈશ્વરના અંશી કહેવાયા. વિશ્વકલ્યાણની ભાવનાવાળા હોવાથી શિવે તેમનામાં જ્ઞાનતેજ પ્રકટાવ્યું.

સ્વયં કપિલમુનિએ શ્રીકૃષ્ણને કહયું છે કે અનેક જન્મો સુધી ભગવાન શિવની ભકિત કરી, તેથી શિવે તેમને સંસાર સંતાપનાશક જ્ઞાન આપ્યું. તો સામે છેડે શિવે પણ પાર્વતીને કહયું છે કે સાંખ્ય આસ્તિકશાસ્ત્ર છે. સાંખ્યનો દ્વૈતવાદ ઉત્તમ છે. જો કપિલ ઈશ્વરવાદી ન હોત તો આર્યસંસ્કૃતિમાં તેમનો આટલો આદર ન હોત.

'શ્રીમદ્ ભગવદ્‌ગીતા 'ના 'વિભૂતિયોગ' અધ્યાયમાં (૧૦/૨૬) શ્રીકૃષ્ણ ભગવાને કપિલમુનિને સ્થાન આપ્યું છે : ''સિધ્ધાનાં કપિલો મુનિ : ।'' સિદ્ધો બે જાતના હોય છે. : એક તો સાધના કરીને સિદ્ધ બને છે અને બીજા જન્મજાત **(ક્રમશઃ)**

# બાબરામાં વી.એલ. ગેલાણી વિદ્યાલયમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૫

બાબરામાં વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં ૧૫મી ઓગસ્ટની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં વહેલી સવારે શાળ ાનાં તમામ વિદ્યાર્થી દ્વારા વંદે માતરમ, ભારત માતા કી જય નાં નારા સાથે વિશાળ પ્રભાતફેરી કાઢવામાં આવી હતી તેમજ શાળામાં આન, બાન અને શાન સાથે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું અને શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યાં હતાં.

વી. એલ. ગેલાણીનાં મુખ્ય ટ્રસ્ટી કાળુભાઈ ગેલાણીનાં અધ્યક્ષ સ્થાને સમગ્ર કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા શાળાનાં શિક્ષક ભાઈઓ–બહેનો દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી.

# બાબરા : ઈશ્વરીયાનાં કુલદીપ ગેલાણી નાયબ કલેકટરની પરીક્ષામાં ઉતિર્ણ



બાબરા, તા. ૨૫

બાબરા તાલુકાના ઈશ્વરીયા ગામે ખેતી કામ કરતા રમેશભાઈ ગેલાણીનાં પુત્ર કુલદીપ ગેલાણીએ જીપીએસસીની પરીક્ષામાં સમગ્ર ગુજરાતમાં છઠો ક્રમ સેકશન ઓફિસર થયો છે.

હાલ નાયબ કલેકટર(SDM)ની પરીક્ષા પાસ કરી આવતી ૬ સપ્ટેબરનાં રોજ ઈન્ટરવ્યૂ છે આપવા જવાના છે. તાલુકા પાંચાલ વિસ્તારના એક ખેડૂતનાં પુત્ર દ્વારા આગવી મહેનત કરી જી.પી.એસ.સી. જેવી મહત્વની પરીક્ષા પાસ કરી વર્ગ–ર ની પોસ્ટ મેળવતા સમગ્ર બાબરા તાલુકાનું ગૌરવ વધારેલ છે. વી.એલ. ગેલાણી વિદ્યાલયનાં ટ્રસ્ટી કાલુભાઈ ગેલાણી દ્વારા પરિવારનાં ગૌરવને વધાવી અભિનંદનપાઠવ્યાં છે.

# ઉના–ગુંદાળા ગામનાં યુવકને જ્ઞાતિપ્રત્યે અપમાનીત કરાયા

ઉના, તા.૨૫

ઉનાના ગુંદાળા ગામના યુવકને આપેલ ઉરછીના પૈસાની પઠાણી ઉઘરાણી કરી ઉમેજ ગામના બે યુવકોએ ગુંદાળા ગામના યુવકને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી અપ શબ્દ બોલી ઢીક્કા પાટુનો માર મારી ટ્રેકટર ચડાવી દેવાની ધમકી આપતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.મળતી માહિતી મુજબ ઉનાના ગુંદાળ ા ગામે રહેતા વિનુભાઈ હમીરભાઈ ચૌહાણને ઉમેજ ગામના ભાવેશ ભીખુભાઈ ગોહિલ નામના વ્યક્તિએ ૮ હજાર રૂપિયા ઉરછીના આપેલ હોય જે બાદ વિનુભાઈ ગુંદાળા ગામની શાળાના બારી બારણા સહિતની વસ્તુઓ લેવા ઉનાના ભાવનગર રોડ પર આવેલ હોય ત્યારે ભાવેશ ભીખુભાઈ ગોહિલ તથા જુમા રખાભાઈ ઉનડજામ રહે બંને ઉમેજ તા.ઉના વાળાઓ બાઈકમાં બેસી વિનુભાઈ પાસે આવી કહેલ કે 'હું તારી પાસે ૮ હજાર રૂપિયા માગું છું તે પૈસા મને આપ' જેથી વિનુભાઈએ કહેલ કે તમે મને અપશબ્દો બોલેલ હોય તે બાબતે મારી માફી માંગો તો હું ઘરે જઈને પૈસા આપી દઈશ તેમ કહેતા ભાવેશ ગોહિલ તથા જુમા ઉનડજામ એકદમ ઉશ્કેરાઈ જઈ કહેવા લાગેલ કે પૈસા તો અત્યારે જ આપવા પડશે તેમ કહી અપ શબ્દો બોલી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી ઢીકા પાટુ વડે માર મારી ટ્રેકટર ચડાવી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઉના પોલીસે એટ્રોસીટી એકટ સહિતનો ગુન્હો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### અસહ્ય ગંદકીથી સૌ કોઈનો છૂટકારો થયો

# બગસરાનાં એસ.ટી. ડેપો વર્કશોપમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું

### કાયમી ધોરણે સ્વછતાનું કાર્ય થાય તે જરૂરી



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

બગસરા એસ.ટી. ડેપોમાં છેલ્લાં ઘણા દિવસથી સફાઈ અભિયાન હાથ ધરાયું છે.

જેમાં એસ.ટી. ડેપો વર્કશોપમાં મોડી રાત સુધી સફાઈ અભિયાન હાથ ધરાયું હતું. સમગ્ર શૌચાલયની સફાઈ તથા બગસરા બસસ્ટેન્ડની સફાઈ કરવામાં આવી હતી. આ બાબતે વિભાગીય નિયામક ધામા તથા વિભાગીય પરિવહન અધિકારી કટારા તેમજ વિભાગીય યાંત્રિક ઈજનેર દવે તથા બગસરા ડેપો મેનેજર એન.એસ ગઢવીનાં પ્રયાસોથી સમગ્ર બસસ્ટેન્ડનાં વર્કશોપમાં મોડી રાત સુધી જેસીબી ફેરવી સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું તથા મોનિટરિંગ કરી અને સફાઈ કરવામાં આવી હતી. આ સફાઈ અભિયાન જોઈ પેસેન્જરોમાં ખુશી જોવા મળી હતી.

# અમરેલી : સિનિયર સિટીઝન્સ સોસાયટી દ્વારા બાબાપુર વાડીમાં ''વનભોજન'' યોજાયું

અમરેલી, તા. ૨૫

સિનિયર સિટીઝન સોસાયટી છેલ્લા ૧૮ વર્ષથી ચાલતું આ મંડળ વૈવિધ્યસભર કાર્યક્રમોનું આયોજન કરે છે.

સિનિયર સિટિઝન સોસાયટી અમરેલી દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં શેતલગંગા (શેત્રુંજી નદી) બાબાપુરને કાંઠે ગોવિંદભાઈ ગોંડલીયાની વાડીમાં કુદરતી સૌંદર્ય વચ્ચે વનભોજન કાર્યક્રમ માણવામાં આવ્યો. સવારે સ્પે. બસ દ્વારા સૌ બાબાપુર પહોંચ્યા. શેતલગંગા નદીનાં પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે સૌ વડીલોએ નદીમાં ધૂબાકા માર્યા. બાદ ગોવિંદભાઈ ગોંડલીયાનું શાલ – પુષ્પગુચ્છ દ્વારા કાચા, કનુભાઈ જોષી, જેરામભાઈ પટોળીયા દ્વારા સન્માન કરવામાં આવ્યું. જન્મદિન– લગ્નદિનની શુભેચ્છા આપવામાં આવી. કાચા સાહેબે પરિચય આપતા જણાવ્યું ગોવિંદભાઈ ગોંડલીયા આપણા મંડળ નાં પૂર્વ ઉપપ્રમુખ પદે ઘણા વર્ષો સુધી સેવા આપી અને તે સંબંધને તાજો કરી આજે સૌ વડીલોને પોતાની વાડીમાં આનંદ કરાવ્યો. તેમની આજની મહેમાન ગતીથી આપણે સૌ પ્રભાવિત છીએ. આજનાં ભોજન સ્પોન્સર શ્રીમતિ શોભનાબેન જોષી, મીનાબેન અગ્રાવત, વિણાબેન સંપટ, જયોત્સનાબેન પાઠકનું પુષ્પગુચ્છથી



સ્વાગત કરવામાં આવ્યું. બહેનોએ કીર્તનની રમઝટ બોલાવી. તરૂબેન વ્યાસનું સંચાલન સરસ હતું. જેરામભાઈએ આભાર માન્યો અને રાષ્ટ્રગીત બાદ સૌ વડીલોએ વનભોજનનો લાભ લીધો. બાદ કાર્યક્રમ સંપન્ન થયાનું કનુભાઈ જોષીની યાદીમાં જણાવાયું.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# અમરેલી જિલ્લામાં આંબા, લીંબુ, પપૈયા સહિતના ફળઝાડની બાગાયતી ખેતી કરી સફળતા મેળવી રહેલ ખેડૂતો



રાજય સરકારના પ્રજાલક્ષી અભિગમ અને ખેડૂતો તેમજ બાગાયતી પાકો નર્સરી અને કૃષિ ઉદ્યોગોના વિકાસ માટે બજેટના ચતુર્થ સ્થંભ દ્વારા વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. જેના અંતર્ગત વિવિધ યોજનાકીય સહાયતાઓ દ્વારા બાગાયતી ખેડૂતોના વિકાસ માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. અમરેલી જિલ્લો એ કૃષિ અને બાગાયતી પાકોના ઉત્પાદનમાં આગળ વધે અને ખેડૂતોને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ દ્વારા ઉત્પાદન અને વેચાણમાં સહાયતા મળે તે માટે રાજય સરકાર કટિબદ્ધ છે. અમરેલી જિલ્લામાં બાગાયત વિભાગની વિવિધ યોજનાઓ થકી વર્ષ ૨૦૨૨–૨૩માં ૪,૮૭૯ લાભાર્થીઓને રૂપિયા ૩૬૭.૨૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

રાજય સરકારના બાગાયત ખાતાની આ વિવિધ યોજનાકીય સહાય દ્વારા બાગાયતી ખેતીનો વ્યાપ વધારવા ખેડૂતોને પ્રોત્સાહન મળ્યું છે.ખેડૂતો અમરેલી જિલ્લામાં આંબા, લીંબુ, ટીસ્યુ કલ્ચર કેળ, દાડમ, પપૈયા, બોર, જામફળ સહિતના ફળઝાડની બાગાયતી ખેતી કરી સફળતા મેળવી રહ્યા છે. અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૨–૨૩માં દરમિયાન રાજય સરકારની યોજનાઓ પૈકી સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ (HRT-2) ૨,૧૯૫ લાભાર્થીઓને રૂપિયા ૧૪૦.૫૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે. ગુજરાત હોર્ટીકલ્ચર મિશન (HRT-9) હેઠળ ૨,૨૮૧ લાભાર્થીઓને રૂપિયા ૧૯૦.૬૦ લાખની સહાય ચૂકવવામાં આવી છે, જયારે અનુસૂચિત જાતિના ૪૦૩ લાભાર્થીઓને રૂપિયા ૩૬.૨૩ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આમ, વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન જિલ્લાના ૪,૮૭૯ લાભાર્થીઓને રૂપિયા ૩૬૭.૩૨ લાખની બાગાયતી સહાય ચૂકવવામાં આવી છે.અમરેલી જિલ્લાના ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવે છે, તેમજ ખેડૂતોને FPO/FPC બનાવી પોતાનો ઉત્પાદીત માલ સીધો જ ગ્રાહક સુધી પહોંચાડી પોતાના બાગાયતી ઉત્પાદનના ઉત્કૃષ્ટ ભાવ મેળવવા માટે પ્રોત્સાહીત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં વેલાવાળ ા–શાકભાજી પાકોમા ઉત્પાદન એકંદરં ઓછું હતુ પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી બાગાયત ખાતા દ્વારા રાજય સરકારની સહાયથી જિલ્લાના ખેડૂતો કારેલા ટમેટા, દુધી વગેરે જેવા પાકોની 'મંડપ પધ્ધતિથી' ખેતી કરતા થયા છે, જેના પરિણામે ખેડૂતોને ઉત્પાદનમાં ઘણો જ વધારો થયેલ છે તેમજ ગુણવતા યુકત ઉત્પાદનના લીધે બજારભાવ પણ વધારે મળી રહે છે. અમરેલી જિલ્લામાં નવીન અભિગમ તરીકે બાગાયત ખાતા દ્વારા રાજય સરકારની સહાયથી ખેડૂતોને પ્રોત્સાહિત કરી નવિન પાક તરીકે 'ટીસ્યુકલ્ચર ખારેક'નું વાવેતર કરાવવામાં આવ્યું છે અને ખારેકના પાકને નવા પાક તરીકે પ્રસ્થાપિત કર્યો છે. જિલ્લામાં નવો ચીલો ચાતરતા ' મધમાખી પાલન'ની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી જિલ્લાના ખેડૂતો મધમાખી પાલન તરફ વળે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા છે. જિલ્લામાં નવિન પાક તરીકે ડ્રેગન ફ્રુટ તેમજ અંજીરના વાવેતરનો નવીન અભિગમ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા અપનાવવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં ગ્રીન હાઉસ તેમજ નેટ હાઉસ થકી ખીરા કાકડીનો પાક લેવામાં આવે છે, જેના થકી ખેડૂતોને સારા એવા બજારભાવ મળી રહે છે. જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજની સ્થાપના કરી ડુંગળી તથા લસણ તેમજ અન્ય મરી–મસાલા પાકના પ્રોસેસીંગ થકી વિદેશમાં નિકાસ કરવાની ઉજળી તકો પ્રાપ્ત થઈ રહી છે. વર્ષ ૨૦૨૩–૨૪માં જુલાઈ, ૨૦૨૩ અંતિત અહેવાલ મુજબ વિવિધ બાગાયતી યોજનાઓમાં રૂપિયા ૨૫.૩૧ લાખની સહાય જિલ્લાના ૪૦૩ લાભાર્થીઓને ચૂકવવામાં આવી છે.

: સંકલન અને આલેખન :
જય મિશ્રા

## જૂની ગર્લ્સ હાઈસ્કૂલનું મકાન મુળ માલિકને પરત કરવા બાબતે

# બગસરા પાલિકાની સામાન્ય સભામાં બઘડાટી બોલી

અવારનવાર ભ્રષ્ટાચાર સહિતનાં મામલે વિવાદમાં રહેલ પાલિકાનો વધુ એક વિવાદ પ્રકાશમાં આવ્યો

શહેરમાં સ્વચ્છતા, સ્ટ્રીટલાઈટ, રખડતા પશુઓ સહિતનાં પ્રશ્ને પાલિકાની કામગીરી વિવાદમાં રહે છે

શાસક અને વિપક્ષનાં ૧૬ નગરસેવકોએ કાર્યવાહી થવા ન દેતા પ્રમુખ અને ઉપપ્રમુખ સભા છોડીને ચાલ્યા ગયા

શહેરીજનોએ હોંશે હોંશે ભાજપને શહેરનું સુકાન સોંપ્યુ અને બદલામાં મળી પરેશાની



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૫

આજરોજ મેઘાણી ટાઉન હોલ ખાતે બગસરા પાલિકાની ટર્મની છેલ્લી સામાન્ય સભા બોલાવવામાં આવેલ. જેમાં પાંચમાં મુદ્દા બાબતે હલ્લાબોલ થયેલ અને શાસક પક્ષ સહિત ૧૬ સભ્યોએ કાર્યવાહી ન થવા દેતા પ્રમુખ, ઉપપ્રમુખ સભા છોડી ભાગ્યા.

વિગત અનુસાર સ્પષ્ટ બહુમતી ધરાવતી ભાજપ શાસિત બગસરા નગરપાલિકા દ્વારા આજરોજ ટર્મની છેલ્લી સામાન્ય સભા મેઘાણી ટાઉનહોલ ખાતે બોલાવેલ. જેમાં એજન્ડા મુજબ ૨૩ મુદ્દાઓ અંગે આ મિટિંગ મળેલી હતી. ૨૮ સભ્યો (સદસ્યો) ધરાવતી બગસરા પાલિકામાં ૨૦ ભાજપ તેમજ આઠ વિપક્ષનું સંખ્યા બળમાં ભાજપના એક સભ્ય ગેરહાજર રહેલ. ૨૭ સભ્યો સાથે મળેલ સામાન્ય સભામાં એક પછી એક ચાર મુદ્દાઓ સર્વાનુમતે પસાર થઈ ગયા બાદ જૂની ગર્લ્સ સ્કૂલનું બિલ્ડીંગ મૂળ

અનુસંધાન પાના ૬ ઉપર

### એસ.પી.ની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## ગુંદરણનાં ડબલ મર્ડર કેસનાં આરોપી જામીન પર છુટી ફરાર થતાં પોલીસે ઝડપી લીધા

### આરોપીને પુનઃ ભાવનગર જેલ હવાલે કરાયા



અમરેલી તા. ૨૫

લીલીયા તાલુકાના ગુંદરણ ગામના ચકચારી ડબલ મર્ડર કેસના આરોપીન ભાવનગર જેલમાંથી વચગાળાના જામીન પર છુટી ૭ વર્ષથી ફરાર હોય તેને પકડી પાડતી અમરેલી એલ.બી.સી. ટીમ અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે અમરેલી જિલ્લામાં શરીર સબંધી અને મિલકત સબંધી ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતાં આરોપીઓ તથા જેલમાંથી પેરોલ/ફર્લો તથા વચગાળાના જામીન પરથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા લીલીયા પોલીસ સ્ટેશનના આઈ.પી.સી. કલમ

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા નજીક આવેલ

## કંટાળા ગામે ડેમ ઉપર ભાઈને બચાવવા વચ્ચે પડેલા યુવકને પાઈપ વડે માર માર્યો

### તેજ ગામે રહેતા ૪ ઈસમો સામે નોંધાઈ ફરિયાદ

અમરેલી, તા. ૨૫

ખાંભા તાલુકાનાં કંટાળા ગામે રહેતા અને હીરાનું કામ કરતાં દોલતસિંહ નાનાભાઈ ખસીયા નામનાં ૩૨ વર્ષિય યુવકનાં ભાઈ રામભાઈ ગત તા. ૨૩નાં રોજ બપોરે કંટાળા ગામે આવેલ ડેમ પાસે ભેંસ ચરાવતાં હતા તે દરમિયાન તેજ ગામે રહેતા ધીરૂભાઈ ભગાભાઈ મકવાણા સહિત ૪ લોકો તેમને મારતા હોય. જેથી આ રત્ન કલાકાર પોતાના ભાઈને બચાવવા વચ્ચે પડતા આરોપીએ કુહાડી, લાકડી, લોખંડનાં પાઈપ વડે માર મારી હાથમાં ફેકચર કરી દીધાની ફરિયાદ નોંધાઈ.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

## બાબરાનાં રાણપુર ગામનાં ઈસમની અગ્નિશસ્ત્ર સાથે અટકાયત

### પકડાયેલ ઈસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ મુજબ કાર્યવાહી



અમરેલી, તા. ૨૫

અમરેલી પોલીસ અધિક્ષક હિંમકર સિંહે અમરેલી જિલ્લામાં ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે અન્વયે ગેરકાયેદેસર હથિયાર ધરાવતા ઈસમો ઉપર વોચ રાખી, આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી,

અનુસંધાન પાના ૬ ઉપર

### વેપારી અગ્રણીઓ, સાહિત્યકારો સૌએ શુભેચ્છા પાઠવી

# ‘‘અમરેલી એક્સપ્રેસ’’દૈનિકનાં તંત્રી મનોજ રૂપારેલને જન્મદિનની શુભેચ્છા પાઠવતાં જુદા-જુદા ક્ષેત્રનાં અગ્રણીઓ

### જિલ્લાભરમાંથી સતત બીજા દિવસે પણ અભિનંદન શરૂ રહ્યાં



અમરેલી, તા. ૨૫

અમરેલી એકસપ્રેસનાં તંત્રી મનોજભાઈ રૂપારેલનાં જન્મ દિવસ નિમિત્તે અમરેલીની સામાજિક સંસ્થાઓનાં પદાધિકારી સર્વ મોટાભાઈ સંવટ–મેનેજીંગ ટ્રસ્ટી ડો. જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ, મહેન્દ્રભાઈ જોષી–પ્રમુખ– લોક સાહિત્ય સેતુ, નારણભાઈ ડોબરીયા, મંત્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ, મુકુંદભાઈ મહેતા–સહમંત્રી જિલ્લા આચાર્ય સંઘ, હસુભાઈ જોષી તેમજ અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં અગ્રણી ચતુરભાઈ પટેલ, મુકુંદભાઈ ગઢીયા, ગીરીશભાઈ ભટ્ટ, હરેશભાઈ રાંઢીયાવાળા, યોગેશભાઈ કોટેચા અને જીલુભાઈ વાળાએ જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.

### જાફરાબાદ નજીક આવેલ

## ટીંબી નજીક મોબાઈલ લઈ જવાનાં મનદુઃખે યુવકને લાકડા વડે માર મારી ફેક્ચર કરી દીધું

### ડાબા હાથનાં કાંડા ઉપર છરી પણ મારી દીધી

અમરેલી, તા. ૨૫

જાફરાબાદ તાલુકાનાં ટીંબી ગામે રહેતા મનિષભાઈ શામજીભાઈ બાંભણીયા નામનાં ૨૪ વર્ષિય યુવકને તેજ ગામે રહેતા હરજીભાઈ ડાયાભાઈ સરવૈયાએ કહેલ કે તું મારો મોબાઈલ લઈ ગયો છે. તેમ કહેતા યુવકે ના પાડતા આરોપી હરજીભાઈએ લાકડાનાં બડીયાનો એક ઘા મારી ઈજા કરી ટચલી આંગળીમાં ફેકચર કરી દીધાની ફરિયાદ નોંધાઈ છે.

### મુસાફરો, વિદ્યાર્થીઓમાં નારાજગીનો માહોલ

## અમરેલી–તુલસીશ્યામ–ઉના રૂટની એસ.ટી. બસ કારણ વગર બંધ કરી દેવાઈ

### એસ.ટી. નિયામક મુસાફરોની માંગ સંતોષે તે જરૂરી

અમરેલી, તા. ૨૫

અમરેલી એસ.ટી.ડેપોની અમરેલી, તુલસીશ્યામ, ઉના, રૂટની બસ અચાનક છેલ્લા ૨૦ દિવસથી બંધ કરી દેવામાં આવી છે. ખુબ જ ટ્રાફિક હોવા છતાં પણ અધિકારીઓની, મનમાની ચલાવી બંધ કરી દીધી છે. વિદ્યાર્થીઓ અને મુસાફરો ખુબ જ હાલાકી, ભોગવી રહયા છે. વિદ્યાર્થીઓ અમરેલી – આવવા માટે આ એક જ બસ છે. ખુબ જ હેરાન થાય છે. મુસાફરો પણ બસની રાહ જોઈને થાકી ગયા છે. સારી આવક, ફુલ ટ્રાફિક હોવા છતાં પણ આ બસ શા માટે બંધ કરી દેવામાં આવે છે ? ધારાસભ્ય જે.વી.કાકડીયા દ્વારા લેખીત ફરીયાદ કરવા છતાં કોઈ સાંભળવું ન હોય એમ.આ બસ બંધ કરી દીધી છે.એમનું પણ આ અમરેલી એસ.ટી.તંત્ર માનતું નથી. અને મનમાની ચલાવે છે. આગામી બે દિવસમાં આ બસ શરૂ કરવામાં નહી આવે તો દુધાળા, ખીસરી, ત્રંબકપુર,જીરા, સરસીયાનાં વિદ્યાર્થીઓ અને વાલીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે બસ રોકો આંદોલન કરવામાં આવશે. વિદ્યાર્થીઓ દ્વારા વારંવાર ટેલીફોનીક વાતચીત થાય તો પણ શરૂ બસ નથી કરતા, ખાસ નેસડાવાળા ગરીબ લોકોને વધુ હેરાનગતી ભોગવવી પડે છે.


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ४६૯०૨



તાત્કાલીક જોઈએ છે
સંસ્કૃત ટીચર
RESUME સાથે નીચેના સરનામે રૂબરૂ સંપર્ક કરો
સમય : સવારે ૧૦ થી ૪
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ કોલેજ
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. મો.નં. ૯૯૭૮૯ ૬૬૬૨૯
Gmail ID : dr.arpanjani@gmail.com


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)